॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

વડતાલ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર

# ધરગામનો મહિમા





: લેખક :


સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)


ગુરૂવર્ય : સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી વડતાલ સંસ્થાન)

: પ્રકાશક :


શ્રી સ્વામિનારાયણ મંદિર ધરગામ (મધ્યપ્રદેશ)
સ્વામી દેવપ્રકાશદાસ - કોઠારીશ્રી ધરગામ



શ્રી હરિકૃષ્ણ મહારાજ-વડતાલધામ



પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી



અ.નિ.પ.પુ.સદ્. શા. શ્રી કેશવદાસજી સ્વામી



અ.નિ.પ.પૂ.સદ્.શા.શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી

॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

# "ધરગામનો મહિમા"

: લેખક :

સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)
કંડારી ગુરૂકુળ - હાલ વરતાલધામ
ગુરૂવર્ય : સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
મુખ્ય કોઠારીશ્રી - વરતાલધામ મંદિર

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર ધરગામ (મધ્યપ્રદેશ)
સ્વામી દેવપ્રકાશદાસ - કોઠારીશ્રી ધરગામ

**''ધરગામનો મહિમા''**

**લેખક :** સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)

**પ્રકાશક :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ધરગામ**

**પ્રકાશન તિથિ :** સં. ૨૦૭૫, ગુરુપૂર્ણિમા

તા. ૧૬-૭-૨૦૧૯, મંગળવાર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ

''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે''

**આવૃત્તિ :** પ્રથમ (૨૦૧૯)

**પ્રત :** ૧૦૦૦

**વેચાણ કિંમત રૂા.** ૨૦/-

**પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર - ધરગામ

ઓંમકારેશ્વર રોડ, તા. મહેશ્વર, જિ. ખરગોન (મધ્યપ્રદેશ)

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.

ફોન : (૦૭૯) ૨૬૪૪૧૫૨૨,

મો. ૭૬૦૦૦ ૨૬૬૮૬, ૯૮૭૯૬ ૦૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com

**Web :** www.shreejuarts.org

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રસંગ | પેજ |
|---|---|---|
| ૧. | ઉપોતઘાત | ૧૧ |
| ૨. | વરતાલના ભક્તોની વિનંતી | ૧૩ |
| ૩. | શ્રીહરિજીએ સલાહ લીધી | ૧૫ |
| ૪. | શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા | ૧૭ |
| ૫. | દર્શન કર્યા પછી જ જમવાનું | ૧૯ |
| ૬. | ધરગામના ભક્તો વરતાલમાં | ૨૧ |
| ૭. | પ્રસાદીની મૂર્તિ આપવા વિનંતી | ૨૩ |
| ૮. | શ્રીજી મહારાજે પ્રસાદીની મૂર્તિઓ આપી | ૨૫ |
| ૯. | મંદિરો તૈયાર થઇ ગયાં | ૨૬ |
| ૧૦. | પ્રાણ-પ્રતિષ્ઠા કરવા પ્રભુને આમંત્રણ | ૨૮ |
| ૧૧. | પ્રાણ-પ્રતિષ્ઠા કરવા સંતોને મોકલ્યા | ૩૦ |
| ૧૨. | ધરગામમાં પ્રતિષ્ઠા-ઉત્સવ ઉજવાયો | ૩૨ |
| ૧૩. | ધરગામની મૂર્તિની વિશેષતા | ૩૪ |
| ૧૪. | ધરગામમાં નૂતન મંદિરની તૈયારી | ૩૬ |
| ૧૫. | બન્ને સંતોને મહારાજે બિરદાવ્યા | ૩૮ |
| ૧૬. | ધરગામના ભક્ત ગોવિંદભાઇ | ૪૦ |
| ૧૭. | શ્રીજી મહારાજે મૂર્તિઓ લીધી | ૪૨ |
| ૧૮. | શ્રીજી મહારાજે ચિત્ર-પ્રતિમાઓ કરાવી | ૪૫ |
| ૧૯. | પ્રસાદીની કાળભૈરવની મૂર્તિ બોલી ! | ૪૬ |
| ૨૦. | સંતો દ્વારા નિમાડ પ્રદેશમાં સત્સંગ | ૪૮ |
| ૨૧. | મંદિરોનો મહિમા | ૫૦ |
| ૨૨. | મંદિર ખુલ્લું રહે ને હું ઘરમાં રહું ? | ૫૨ |
| ૨૩. | મહિમાવાળા કેવા ભક્તો ? | ૫૫ |
| ૨૪. | ઘરેણાં વેચીને મંદિર પુરું કર્યું ! | ૫૭ |
| ૨૫. | કોઇનો ભાર ન રાખે મુરારી | ૫૯ |
| ૨૬. | અક્ષરધામમાં રહેવા મહેલ મળ્યો | ૬૧ |
| ૨૭. | ઉપસંહાર | ૬૩ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી ૧૦૦૮

# શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

શ્રી લક્ષ્મીનારાયણ દેવ દક્ષિણ દેશ ગાદી

સંસ્થાન : વડતાલ - ૩૮૭ ૩૭૫

## આજ્ઞાપત્ર



વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી શ્રીજી મહારાજના સર્વે આશ્રિત સત્સંગીજનોને શુભાશીર્વાદપૂર્વક વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

વિશેષમાં મધ્યપ્રદેશ સ્થિત ધરગાંવ કે જ્યાં સંવત્ - ૧૮૮૬ માગશર સુદ-૬ ના શુભ દિને સ્વયંપ્રકાશાનંદ સ્વામીજીએ શ્રીહરિ દ્વારા પ્રાપ્ત શ્રી લક્ષ્મીનારાયણદેવની સ્થાપના કરી ત્યારથી લઈ આજ પર્યંત ધરગાંવ (મ.પ્ર.) નાં નિમાડી ભક્ત ગોવિંદભાઈ પાટીદારનાં વંશજો મૂર્તિની સેવા પૂજા કરતા આવ્યા છે. વર્તમાન સમયમાં તેમનાં વંશજ બાલારામજી તથા તેમનો પરિવાર આ મૂર્તિની સેવા-પૂજા કરે છે. હાલમાં વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટેમ્પલ બોર્ડે

ઠરાવ કરી શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, અ.નિ.સ.ગુ.શા. કૃષ્ણકેશવદાસજીને મંદિરનો જીર્ણોધ્ધાર કરી નૂતન મંદિરના નિર્માણ અર્થે અધિકૃત કરવામાં આવેલ છે. આથી મૂળ સંપ્રદાયનાં સર્વે આશ્રિત ભક્તોને અમારી ભલામણ છે કે વડતાલ ગાદી સ્થાનનાં તાબાનું મંદિર હોવાથી સ્વા. દેવપ્રકાશદાસજીને સહકાર આપશો તથા યથા યોગ્ય સેવા કરશો તેવી આજ્ઞા કરવામાં આવે છે. પ્રત્યક્ષ ભગવાનનાં સંબંધને પામેલ આ મૂર્તિની સેવા કરવાથી સર્વાવતારી શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત થાય છે તથા મૂળ સંપ્રદાયની પુષ્ટિ થાય છે...

આપ સૌ હરિભક્તોને વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ ખૂબ જ ભજન-ભક્તિનું બળ આપે તેવી એમના પવિત્ર ચરણોમાં પ્રાર્થના છે. સૌ ભક્તોને રૂડા શુભાશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ....

**આચાર્ય મહારાજશ્રી**

**પતિત પાવની મા નર્મદાના દિવ્ય તટે.... શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના નિર્માણના અવસરે આવો ઐતિહાસિક ઘડીના સાક્ષી બનીએ....**

## આત્મ-નિવેદન

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અસંખ્ય જીવોના કલ્યાણને માટે મનુષ્ય દેહ ધારણ કરી ષડંગી સંપ્રદાયની સ્થાપના કરી, કલ્યાણનો માર્ગ "યાવત્ ચંદ્ર દિવાકરૌ" સૂર્ય ચન્દ્ર પૃથ્વી રહે ત્યાં સુધી અવિરત ચાલુ રહે એવા હેતુથી ઉપાસનાનો માર્ગ અક્ષુણ્ણ રહે એ માટે સ્વહસ્તે છ મહામંદિરોની સ્થાપના કરી તેમજ સંતોને પણ મંદિરો બનાવવાની આજ્ઞા આપી છે. શ્રીજી મહારાજ મંદિર કરવાથી-કરાવવાથી અતિ પ્રસન્ન થાય છે. શ્રીમદ્ સત્સંગિજીવનના ચતુર્થ પ્રકરણમાં મંદિરો બનાવવાનો મહિમા વર્ણવેલો છે. તે અનુસંધાને નિમાડમાં નંદ સંતોએ ગામડે ગામડે ફરીને સત્સંગની સ્થાપના કરેલ છે. સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં પ્રકરણ-૧૨૬, માં નિમાડના હરિભક્તોનો ઉલ્લેખ કરેલો છે જે....

**(પૂર્વછાયો)**

**નક્કી ભક્ત નિમાડના, જેના અતિ આકરા અંગ;**
**કરડા કઠણ વચન, જેના શિર સાટે સત્સંગ...**

મધ્યપ્રદેશમાં પુણ્ય સલીલા મા નર્મદાના તટે નિમાડ દેશની પ્રાચીન માહિષ્મતી નગરી (હાલ મહેશ્વર)ના સમીપે

ધરગાંવ જેવું રળિયામણું ગામ છે, જ્યાં પૂર્ણ પુરષોત્તમ ભગવાન સ્વામિનારાયણ વડતાલમાં પહેલા સ્થાપેલી અને અનેકવાર પૂજેલી નર ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ લક્ષ્મીજી સાથે વિરાજમાન છે. સદ્.અદ્ભૂતાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામી જેવા નંદ સંતો દ્વારા આ પંથકમાં સત્સંગ થયો અને પ્રગટ પ્રભુની ઓળખાણ થતા ત્યાંના ભાવિક ભક્તો, જેમાં મુખ્ય ગોવિંદભાઇ પાટીદાર અનેક વાર ૬૦૦ કિ.મી.નો વિકટ પંથ કાપી ગઢપુર અને વડતાલ ઉત્સવ સમૈયા ઉપર આવતા અને ભાવે સહીત શ્રીહરિની ખૂબ સેવા પૂજા કરતા.

(ચોપાઈ)

**નિમાડી જે ગોવિંદભાઇ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઇ રે,**
**વસ્ત્ર ઘરેણાં બહુ કરાવ્યાં રે, લાવી પ્રભુજીને પહેરાવ્યાં રે....**

નિમાડના ભક્તો શિર સાટે સત્સંગ રાખતા અને ઉત્તમ નિયમવાળા હતા. શ્રીહરિએ જ્યારે વડતાલમાં મંદિર બંધાવ્યું ત્યારે પ્રતિષ્ઠા ઉત્સવમાં ત્યાં પહેલા પધરાવેલી નરનારાયણ દેવની મૂર્તિમાંથી નર ભગવાનની મૂર્તિ ગોવિંદભાઇને આપી અને એમને લક્ષ્મીજી સાથે પધરાવી લક્ષ્મીનારાયણ રૂપે સ્થાપવાની આજ્ઞા કરી. વિ. સંવત્ ૧૮૮૬માં ભક્તોના આગ્રહથી સ્વયં શ્રીહરિએ વશિષ્ઠ મુનિ સમાન સદ્. ભાઇ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને મોકલ્યા ને એક શિખરનું સુંદર મંદિર કરાવી ત્યાં ધામધૂમથી લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કરાવી. શ્રીહરિએ તે મૂર્તિ પોતાનું જ સ્વરૂપ છે એવું કહીને ભક્તોને કહ્યું –

(ચોપાઈ)

**માટે મૂર્તિનાં દર્શન કરજો, મારું ધ્યાન એ મૂર્તિમાં ધરજો,**
**ધર્મ પાળજો ધીરજ ધારી, યાદ રાખજો આજ્ઞા અમારી,**
**અંતે પામશો અક્ષરધામ, મુજ પાસે જ કરશો વિરામ....**

ધરગાંવમાં પ્રસાદીના લક્ષ્મીનારાયણદેવનું આગમન થતા અને નંદ સંતોના અથાગ પ્રયાસથી નિમાડના કુક્ષી મહેશ્વર, સીલ્કુઆ, મોરગઢી, નીસરપુર વગેરે ગામોમાં સત્સંગ વધ્યો અને મંદિરો થયાં. સંપ્રદાયના વડતાલ અને અમદાવાદ દેશને આ પ્રાંતે ૫૦ જેટલા વિદ્વાન અને તપસ્વી ત્યાગી સંતો અને પાર્ષદો અને અસંખ્ય ભાવિક ભક્તો આપ્યા છે. આજે સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ બાંધેલ મંદિર જીર્ણ અવસ્થામાં છે. ગોવિંદભાઇના વંશજો મંદિરની યથાશક્તિ સેવા કરી રહ્યા છે.

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજની પ્રેરણાથી વડતાલ ટેમ્પલ બોર્ડે ધરગાંવમાં મંદિર નિર્માણનો નિર્ણય કર્યો છે. સદ્. સ્વામી દેવપ્રકાશદાસજી (ચેરમેનશ્રી), શાસ્ત્રી સ્વામી સંતવલ્લભદાસજી (આ.કોઠારીશ્રી, વડતાલ) અને સદ્. ગોવિંદપ્રસાદસ્વામી (મેતપુરવાળા)ના માર્ગદર્શનમાં વડતાલના સ્વામી દેવપ્રકાશદાસજીએ મંદિર નિર્માણનું બીડું ઝડપ્યું છે. શ્રીહરિએ પોતે સેવેલા આવા મહાન પ્રસાદીભૂત શ્રી લક્ષ્મીનારાયણદેવની સેવા અને શ્રીહરિ, સંતો-ભક્તોને રાજી કરવાનો અને પુણ્યોદયનો આ અણમોલ અવસર છે જેનો લાભ લેવા સર્વે હરિભક્તોને ભાવભીનું અને ભાવભર્યું આત્મ-નિવેદન છે.

– સ્વામી દેવપ્રકાશદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર ધરગાંવ

તા. ૧૭–૧–૨૦૧૯

## લેખક તરફથી....

હે વહાલા ભક્તો ! મંદિરો છે તે બ્રહ્મવિદ્યાની કોલેજ છે. પરમ શાંતિનું કેન્દ્ર છે. દેશની રક્ષા માટે મિલીટરીની જરૂર છે – એજ રીતે ભક્તિની રક્ષા માટે મંદિરોની જરૂર છે. શરીરના રોગ મટાડવા માટે હોસ્પિટલની જરૂર છે – તેમ મનના રોગ મટાડવા માટે મંદિરોની જરૂર છે.

હે ભક્તો ! મંદિરો એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. આપણાં મંદિરો એ હિન્દુઓની અસ્મિતાને અને પ્રતિષ્ઠાને જાળવી રાખે છે. મંદિરો વિના હિન્દુ ધર્મ વામણો લાગે; તેથી તો હિન્દુસ્તાનમાં હજારો નહિ, પરંતુ લાખો મંદિરો છે.

હે ભક્તો ! આ પુસ્તિકા લખવા પાછળનું કારણ એ છે કે, સ્વયં સ્વામિનારાયણ ભગવાને પૂજવા આપેલ પ્રસાદીની નર ભગવાનની મૂર્તિ ધરગામમાં એક જીર્ણ થઇ ગયેલ મંદિરમાં છે. પરંતુ નવા મંદિરની આવશ્યકતા પડવાથી વડતાલ બોર્ડે આચાર્ય મહારાજશ્રી રાકેશ પ્રસાદજી મહારાજની આજ્ઞાથી ત્યાં નવું મંદિર કરવાનું નક્કી કરેલ છે.

હે ભક્તો ! નૂતન મંદિર કરવા માટે વરતાલના ચેરમેનશ્રી અને ટ્રસ્ટીઓએ સ્વામી દેવપ્રકાશદાસજી ગુરૂ સ.ગુ.શા. કૃષ્ણકેશવદાસજી સ્વામીની કોઠારી તરીકે નિમણૂંક કરી છે. તેઓ હાલમાં સંત નિવાસનું કામ સંભાળી રહ્યા છે.

હે ભક્તો ! મધ્યપ્રદેશના નિમાડ પ્રાંતના ધરગામમાં નવનિર્માણ થઇ રહેલ મંદિર શ્રી લક્ષ્મીનારાયણદેવ વરતાલ તાબાનું છે અને વરતાલ ગાદીના વર્તમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજજીના આશીર્વાદથી થઇ રહેલ છે, માટે આ મંદિરમાં ઉદાર દિલે દાન આપી સ્વામિનારાયણ ભગવાન, પરમ પૂજ્ય આચાર્ય મહારાજ અને પૂજ્ય સંતોનો રાજીપો મેળવી લેવો.

લિ : સત્સંગ સેવક સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ

કંડારી ગુરૂકુળ : વરતાલધામ



॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત ॥
વિક્રમ - સંવત ૨૦૭૫, પોષ સુદ આઠમ - ઉત્તરાયણ,
તા. ૧૪-૧-૨૦૧૯

**"સર્વાવતાર ધર્તારં ભુક્તિ મુક્તિ પ્રદાયકમ્ ।
વંદેડહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણ મનોહરમ્ ॥"**

## "ઉપોતઘાત"

હે વ્હાલા ભક્તો ! અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ફૂટલા બ્રહ્માંડના મધ્યભાગમાં આવેલ પૃથ્વી પર પધાર્યા હતા. તેમાંય પણ મહાપ્રભુ શ્રીહરિજી મહારાજે ભારત દેશ પસંદ કર્યો; કારણ કે, જેટલા મુમુક્ષુ નર-નારીઓ હિન્દુસ્તાનમાં છે, તેટલા દુનિયાના કોઇપણ દેશમાં નથી.

હે ભક્તો ! "કીડી કુંજરનો મેળાપ" આ કહેવત મુજબ બુભુક્ષુ નરનારીઓને, મુમુક્ષુ બનાવવા અને મુમુક્ષુ નર-નારીઓને મુક્તાત્મા બનાવવા માટે જ સ્વયં શ્રીહરિજી મહારાજ સાધારણ મનુષ્ય જેવા બની તેમની સાથે રમી-જમી અનેક પ્રકારની લીલાઓ કરી.

હે ભક્તો ! પરંતુ માનવદેહધારી પરમાત્મા ધરતી પર અવતાર ધારણ કરે ત્યારે સામાન્ય મનુષ્યની જેમ કર્મના કાયદા પ્રમાણે મૃત્યુનો પણ સ્વીકાર કરતા હોય છે, એ

ન્યાયે મહાપ્રભુ શ્રીહરિજીએ પણ મનોમન વિચાર્યું કે, "વર્તમાન સમયમાં તો અમારી ભક્તિ કરનારાં ગૃહી–ત્યાગી સર્વે નર–નારીઓને દેહની આયુષ્ય પૂરી થતાં જ અમારા ધામની પ્રાપ્તિ અવશ્ય થશે, પરંતુ અમો આ લોક છોડીને અમારા અક્ષરધામમાં જતા રહેશું, પછી પૃથ્વી પર રહેલાં મુમુક્ષુ નર–નારીઓનું કલ્યાણ કેમ થશે ?''

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુએ પછી કરોડોનાં કલ્યાણ માટે નિર્ણય કર્યો કે, "શાસ્ત્રોની રચના કરું અને કરાવું, મોટાં–નાનાં અનેક મંદિરો કરાવું, તેમાં મારી અને મારા અવતારોની મૂર્તિઓ પધરાવું; એટલે ભવિષ્યના મુમુક્ષુ ભક્તો પણ સહેલાઇથી ભજન–ભક્તિ કરી મોક્ષના માર્ગે આગળ વધી શકે અને અંતે આત્યંતિક મુક્તિ પામી શકે."



## વરતાલના ભક્તોની વિનંતી

હે ભક્તો ! શ્રીજી મહારાજ વરતાલના ૧૦ માં વચનામૃતમાં કહે છે કે, "ભગવાન જયારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દ્રઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે."

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ એટલે કે સ્વામિનારાયણ ભગવાન સંતો-ભકતો સાથે વરતાલ પધાર્યા. પ્રભુ પધાર્યાના સમાચાર સાંભળી જોબનપગી અને બાપુભાઇ વગેરે હરિભક્તોએ આવી દંડવત્ પ્રણામ કર્યા અને ગામમાં શોભાયાત્રા કાઢી પ્રગટ પ્રભુને પોતાના ઘેર પધરાવ્યા.

હે ભક્તો ! ત્યારબાદ હાલમાં જ્યાં મંદિર વિધમાન છે, ત્યાં વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું અને ત્યાં એક ઉંચા સિંહાસન ઉપર બેસવા શ્રીજી મહારાજને સૌ ભક્તોએ વિનંતી કરી, એટલે ભક્તોને રાજી કરવા માટે મહારાજ ત્યાં વિરાજમાન થયા.

હે ભક્તો ! ત્યારપછી વરતાલના ભક્તજનોએ પોતપોતાની શક્તિ-પ્રમાણે શ્રીજી મહારાજનું પૂજન કર્યું અને પ્રાર્થના કરીને કહેવા લાગ્યા : " હે મહારાજ ! અમારી વિનંતી સાંભળો.

વરતાલના સૌ હરિભક્તોની ઇચ્છા છે કે, ' આપ વરતાલમાં આ સ્થાનમાં આપની મૂરતી પધરાવો; કારણ કે આપ વરતાલમાં ન હો ત્યારે અમો સર્વે હરિભક્તો તમારી તે મૂર્તિનાં દર્શન કરી પ્રત્યક્ષ દર્શન તૂલ્ય આનંદ અનુભવી શકીએ.

(ચોપાઈ)

"ગઢપુરમાં વાસુદેવ રૂપ, પધરાવ્યું છે આપે અનૂપ;
આપ ફરવા પધારો છો જયારે, કરે દર્શન તેહનાં ત્યારે.
આપો એવો જ અમને આધાર, કરી દર્શન લૈયે આહાર;
હવેલી કરો આપને કાજે, ધર્મશાળામાં સંત બિરાજે."



## શ્રીહરિજીએ સલાહ લીધી

હે ભક્તો ! ધર્મ ધુરંધર આચાર્ય વિહારીલાલજી મહારાજે 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના સાતમાં કળશના પંચોતેરમાં વિશ્રામમા આ પ્રસંગની નોંધ લીધી છે, એ આપ સર્વેની આગળ પ્રસ્તુત કરી રહ્યો છું.

હે ભક્તો ! વરતાલના સત્સંગીઓ પ્રાર્થના કરતાં કહે છે: "મહારાજ ! ગઢપુરવાસી એભલ ખાતર અને એમના પરિવારની વિનંતીને કારણે આપે સંવત ૧૮૬૨માં વાસુદેવ-નારાયણ પધરાવી તેઓની મનોકામના પૂર્ણ કરી છે, એ જ રીતે વરતાલવાસી ભક્તોની પણ એવી જ ઇચ્છા છે, માટે તમો અહીં તમારી મૂર્તિ પધરાવો તો અમો પણ એમનાં દર્શન કરીને પછી વ્યવહારિક કામકાજ કરવાના નિયમો રાખીએ."

**(ચોપાઈ)**

**"એવું સાંભળી સારંગપાણી, રામદાસજીને કહી વાણી;**
**અતિ આગ્રહ છે હરિજનનો, અભિલાષ પુરું એહ મનનો.**
**મારી મુરતી હું થાપું આ ઠામ, ધરું નરનારાયણ નામ;**
**કહો ક્યાં પધરાવશું દેવ, તમે જગ્યા કહો તતખેવ."**

**- હ.મૃત. ક.૭ - વિ.૭૫**

હે ભક્તો ! વરતાલના હરિભક્તોની વિનંતી સાંભળી શ્રીહરિજી મહારાજે સંત-સભામાં બેઠેલા વડીલ સંત પૂ. ભાઇરામદાસજી સ્વામીને કહ્યું : "સ્વામી ! વરતાલના પ્રેમી ભક્તોની ખૂબ જ ઇચ્છા છે કે, 'અમો અમારી મૂર્તિ આ ગામમાં પધરાવીએ, એટલે તેઓને દર્શનનું સુખ આવે.' આવા ભાવિક ભક્તોનો ભાવ

જોઇને અમોને પણ ઇચ્છા થઇ છે કે, આ વરતાલ ધામમાં મારી મૂર્તિ પધરાવું, પણ એનું નામ 'શ્રી નરનારાયણ' રાખું. જેમ ગઢપુરધામમાં મારી મૂર્તિ પધરાવીને 'શ્રી વાસુદેવ નારાયણ' નામ રાખ્યું છે, એ જ રીતે વરતાલધામમાં પણ મારી મૂર્તિ પધરાવી 'શ્રી નરનારાયણ' નામ રાખું; માટે આપ કહો કે, કયા સ્થાનમાં તે દેવ પધરાવવા ?"

હે ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિજીની વાણી સાભળી સમર્થ સદ્‌ગુરૂ ભાઇ રામદાસજી સ્વામી હાથ જોડીને કહેવા લાગ્યા : "મહારાજ ! અત્યારે આપ જ્યાં બિરાજો છો, ત્યાં બોરડીનું વૃક્ષ છે, એ જ સ્થાન મને તો યોગ્ય લાગે છે, માટે આપ શ્રી નરનારાયણદેવને આ સ્થાનમાં ઓરડો કરીને તેમાં પધરાવો, એટલે વરતાલવાસી સૌ હરિભક્તોને દર્શનનું સુખ મળે અને બધા રાજી થાય.



## શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા

હે ભક્તો ! રામદાસજી સ્વામીની વાત સાંભળી મહાપ્રભુ શ્રીહરિજીએ શિલ્પકાર હીરાજીને બોલાવીને કહ્યું : "હીરાજી ! (હીરજીભાઇ સુતાર) તમે મારા ભક્ત છો અને સારા અનુભવી શિલ્પી પણ છો, માટે મારા અવતાર એવા શ્રી નરનારાયણદેવની મૂર્તિ તત્કાળ લઇ આવો, અમારે અહીં વરતાલગામને વરતાલધામ બનાવીને આ બન્ને સ્વરૂપોને પધરાવવાં છે.

હે ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજીની આજ્ઞા થતાં જ હીરાજી ભક્ત થોડા દિવસોમાં જ શ્રી નરનારાયણદેવની બે મૂર્તિઓ લઇને મહારાજ પાસે પધાર્યા. બન્ને મૂર્તિઓ જોઇ શ્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા, તેથી હીરાજીને શિરપાવ (ભેટ) આપી ભેટીને રાજીપો દર્શાવ્યો.

હે ભક્તો ! ત્યારબાદ શ્રીહરિજી મહારાજે બોરડીના ઝાડ પાસે એક મોટો ઓરડો કરાવ્યો અને તેમાં એક સુંદર સિંહાસન કરાવીને તેમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા.

હે ભક્તો ! શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા–વિધિ કરવા માટે શ્રીજી મહારાજે ઉમરેઠના બ્રાહ્મણ હરિભાઇ શુક્લ અને ઘેલાભાઇને બોલાવ્યા. તેથી તેઓએ આવી વેદોક્ત–વિધિથી સર્વે વિધિ કરીને શ્રીજી પ્રભુને પ્રાર્થના કરી એટલે મહારાજે પધારી નરનારાયણદેવની પ્રતિષ્ઠાની આરતી ઉતારી.

હે ભક્તો ! આ પ્રતિષ્ઠા પ્રસંગે પણ ઘણાં ગામડાંઓમાંથી અનેક નરનારીઓ આવ્યાં હતાં. પ્રતિષ્ઠા–ઉત્સવ વરતાલવાસીઓએ ધામધુમથી ઉજવીને મહારાજ અને સંતો–ભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

હે ભક્તો ! શ્રી નરનારાયણદેવની પ્રાણ–પ્રતિષ્ઠાની આરતી કર્યા બાદ મોટી સભા ભરાઇ. તેમાં બ્રહ્મચારીઓ, સંતો, પાર્ષદો, સત્સંગીઓ અને વરતાલના અન્ય સજ્જન લોકો પણ તે સભામાં આવીને બેઠા. તે સમયે પ્રગટ–પ્રભુ શ્રીહરિજી સભામાં પધાર્યા અને સર્વે સભાસદને કહેવા લાગ્યા :–

(ચોપાઈ)

"ભાખે સૌ પ્રત્યે અક્ષરભૂપ, એહ માનજો મારું સ્વરૂપ;
જયારે હું કયાંઇ ફરવાને જૈશ, આમાં રહિ તમને સુખ દૈશ.
કરી દર્શન ભોજન કરજો, મને જાણી ભલો ભાવ ધરજો;
નિજજનને શિખવવાને કાજ, પ્રતિમાને નમ્યા મહારાજ."
- હ. મૃત ક. ૭ - વિ.૭૫



## દર્શન કર્યા પછી જ જમવાનું.....

હે વરતાલના ભક્તો ! આ શ્રી નરનારાયણદેવ અમોએ પધરાવ્યા છે, એ મારું જ સ્વરૂપ માનીને તેમની યથાશક્તિ અન્ન-વસ્ત્રાદિકે કરીને સેવા કરજો. અમે જ્યારે વરતાલમાં ન હોઇએ, ત્યારે આ મૂર્તિઓ દ્વારા તમોને સુખ દઇશું. તમારી મનોકામના પૂરી કરીશું; માટે દરરોજ આ નરનારાયણ દેવનાં દર્શન કરીને પછી જ વરતાલના સૌ સત્સંગીઓ ભોજન વગેરે જમજો. આ શ્રી નરનારાયણ પ્રભુનાં દર્શન કરો, ત્યારે એવી ભાવનાથી કરજો કે, 'અમારા ઇષ્ટદેવ જ આ સ્વરૂપે અમોને દર્શન આપી રહ્યા છે.''

હે ભક્તો ! ત્યારબાદ પોતાના આશ્રિતોને શીખવવાને માટે જ સ્વયં પરમાત્મા હોવા છતાંય મહારાજે શ્રી નરનારાયણદેવને દંડવત પ્રણામ કર્યા. પછી સર્વે સંતોએ દંડવત-પ્રણામ કર્યા. એ સમયે ભાઇ રામદાસ સ્વામી શ્રી નરનારાયણદેવની સ્તુતિ કરવા લાગ્યા :-

(શાર્દૂલવિક્રીડિતવૃત)

**"મૂર્તિ ધર્મ થકી ધરી જુગ તનું આવ્યા વિશાળા વિષે,**
**મત્સ્યાદિ અવતાર ભાર હરવા, ચારું ધર્યા ચોવિશે;**
**દુર્વાશા મુનિ શાપ આપ રુચિયે, આવ્યા વળી આ સમે,**
**એવા અક્ષરના અધીશ હરિને, કીજે પ્રમાણો અમે."**

હે ભક્તો ! ત્યારપછી અન્ય સંતોએ અને પાર્ષદોએ પણ દંડવત્ પ્રણામ કર્યા અને અંતે છેલ્લે વરતાલના સત્સંગીઓ અને ગામડાંઓમાંથી આવેલા દરેક ભક્તોએ પણ દંડવત્-પ્રણામ કર્યા. તે પ્રસંગે વિશાળ સંખ્યામાં આવેલ સ્ત્રી-ભક્તોએ પણ પોતાની

મર્યાદા જાળવી દર્શન કરી પંચાંગ–પ્રણામ કરી પ્રગટ–પ્રભુનો રાજીપો મેળવ્યો.

હે ભક્તો ! વરતાલમાં નરનારાયણદેવ પધરાવી પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ ગઢપુર પધાર્યા અને હરિભક્તોને કથા–વાર્તા અને દર્શનનું સુખ આપવા માટે મહાપ્રભુ શ્રીહરિજી કચ્છ–સોરઠ–કાઠિયાવાડ–ગુજરાત–ભાલ–ઝાલાવાડ–કાનમ–વાકળ અને ચરોતરનાં ગામડાઓમાં વિચરણ કરી ભક્તોની મનોકામના પૂરી કરવા લાગ્યા.

હે ભક્તો ! વરતાલમાં શ્રીજી મહારાજની આજ્ઞા–અનુસાર સર્વે સત્સંગીઓ ભાઇઓ અને બહેનો, આબાલ–વૃદ્ધ સર્વેએ દરરોજ દર્શન કરીને જ જમવાના નિયમો રાખ્યાં. આના કારણે વરતાલવાસીઓમાં પ્રગટ–પ્રભુની ભક્તિ વધવા લાગી તેમજ મહિમા પણ વધવા લાગ્યો.



## ધરગામના ભક્તો વરતાલમાં

હે ભક્તો ! વરતાલમાં નરનારાયણ પ્રભુ પધરાવ્યા પછી સત્સંગ વધવા લાગ્યો, તેના કારણે મોટાં મંદિરની આવશ્યક્તા પડી. જો કે મંદિર કર્યું ન હતું, પણ એક મોટો ઓરડો બનાવી તેમાં નરનારાયણ પધરાવ્યા હતા.

હે ભક્તો ! ચરોતરમાં સત્સંગ વધવા લાગ્યો હતો, તેથી સમગ્ર ચરોતર પ્રદેશના ભક્તોનાં દર્શન માટે મોટાં મંદિરની જરૂર હતી, તેથી વરતાલથી જોબનપગી અને બાપુભાઇ પાટીદાર વગેરે આગેવાન ભક્તોએ ગઢપુર જઇ સ્વામિનારાયણ ભગવાનને વરતાલમાં મોટું મંદિર કરવા વિનંતી કરી.

હે ભક્તો ! વરતાલના ભક્તોની પ્રાર્થના સાંભળીને શ્રીહરિજીએ બ્રહ્માનંદ સ્વામીને મંદિર કરવા માટે વરતાલ મોકલ્યા. થોડા સમય પછી મહારાજે આનંદાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામીને પણ બ્રહ્માનંદ સ્વામીની મદદ કરવા વરતાલ મોકલ્યા હતા.

હે ભક્તો ! વરતાલધામમાં નવ શિખરવાળું વિશાળ મંદિર શ્રી બ્રહ્માનંદ સ્વામીએ તૈયાર કરાવ્યું. એટલે આષાઢી સંવત ૧૮૮૧ ના કારતક સુદ બારસના (તા.૩–૧૧–૧૮૨૪) પવિત્ર દિવસે સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને વરતાલ આવી દેવોની પ્રતિષ્ઠા કરી. આ મંદિરની વિશેષતા એ હતી કે, 'સૌ પ્રથમવાર જ પોતાના આશ્રિતોને ધ્યાન–ભજન કરવા માટે જ પોતાની મૂર્તિ " શ્રી હરિકૃષ્ણ મહારાજ" પધરાવી તેઓનો મહિમા સ્વયં સ્વામિનારાયણ ભગવાને કહ્યો હતો.

હે ભક્તો ! પ્રાણ–પ્રતિષ્ઠા કર્યા બાદ શ્રીહરિજી મહારાજ સર્વે સંતો–ભક્તોની વિશાળ સભામાં કહેવા લાગ્યા : "મારા

આશ્રિત સર્વે સંતો–ભક્તો, બહેનો અને ભાઇઓને ઉપાસના માટે, ધ્યાન માટે પ્રત્યક્ષ માનીને દર્શન કરજો; કારણ કે, 'અક્ષરધામમાં રહેલું અમારું સ્વરૂપ અને અમોએ પધરાવેલ 'હરિકૃષ્ણ' નામનું સ્વરૂપ આ બન્ને એક જ છે, તેમાં અણુમાત્ર ભેદ સમજશો નહિ."

હે ભક્તો ! આ પ્રતિષ્ઠા મહોત્સવમાં હજારોની સંખ્યામાં સંપ્રદાયના અનુયાયીઓ આવ્યા હતા, તેમાં નિમાડ પ્રદેશ (મધ્ય પ્રદેશ)ના બુરાનપુરના અને ધરગામના ભક્તો પણ આવ્યા હતા. તેઓએ સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીને શ્રી નરનારાયણદેવની મૂર્તિ આપવા વિનંતી કરી હતી.



## પ્રસાદીની મૂર્તિ આપવા વિનંતી

હે ભક્તો ! વરતાલમાં વિશાળ મંદિર કરી લક્ષ્મીનારાયણદેવ અને હરિકૃષ્ણ મહારાજ વગેરે દેવો પધરાવ્યા, એટલે પ્રથમ ઓરડામાં પધરાવેલ શ્રી નરનારાયણદેવનું વિસર્જન કરી તે બન્ને મૂર્તિઓ એક રૂમમાં મૂકી દીધી.

હે ભક્તો ! તે સમયે બુરાનપુરનો સંઘ સમૈયામાં આવેલો અને તેમાં બાપુભાઇ, નાનાભાઇ અને શિવાશાહ વગેરે આગેવાન ભક્તો હતા. તેઓ શ્રીજી મહારાજ પાસે આવ્યા. તે સમયે ધરગામનો સંઘ પણ વરતાલ પ્રતિષ્ઠા ઉત્સવમાં આવેલો. તેમાં પણ પટેલ ગોવિંદભાઇ વગેરે હરિભક્તો હતા. તેઓ પણ શ્રીજી મહારાજ પાસે આવ્યા.

હે ભક્તો ! બન્ને ગામના આગેવાનોએ પ્રથમ શ્રીજી મહારાજનું પૂજન કર્યું અને પછી બુરાનપુરના ભક્તોએ વિનંતી કરીને કહ્યું : "મહારાજ ! અમારી વિનંતી છે કે, 'આપે સ્વયં પધરાવેલ શ્રી નરનારાયણદેવની જે મૂર્તિઓ છે, તે અમોને સેવા-પૂજા કરવા અને દર્શન કરવા માટે આપો; કારણ કે હવે તો આપશ્રીએ શ્રી લક્ષ્મીનારાયણદેવ વગેરે પધરાવ્યા છે, તેથી શ્રી નરનારાયણ દેવની હવે વરતાલમાં જરૂર જણાતી નથી, માટે એ બન્નેમાંથી એક મૂર્તિ અમોને આપો એટલે અમો બુરાનપુરમાં મંદિર બનાવી તેમાં તે પધરાવશું."

હે ભક્તો ! બુરાનપુરના ભક્તોની વાત સાંભળીને, તેમની બાજુમાં જ ઊભેલા ધરગામના પટેલ ગોવિંદભાઇએ પણ પ્રાર્થના કરીને પ્રગટ પ્રભુ શ્રીહરિજીને કહ્યું :

(ચોપાઈ)

**"બીજી મૂર્તિ આપો પ્રભુ અમને, કહીએ વિનંતી કરી તમને;**
**બેય મૂર્તિ પ્રસાદીની એ છે, તમે હાથેથી થાપેલી તે છે.**
**અમારા દેશમાં તે થપાય, સૌને દર્શનનું સુખ થાય."**
**- હ. મૃત. ક. - ૯ વિ. - ૫**

હે મહારાજ ! અમારા પર પણ કૃપા કરો અને એક મૂર્તિ અમોને પણ આપો; કારણ કે આપનાં દર્શન તો કોઇક વાર ઉત્સવ-સમૈયામાં જ થાય છે, તેથી એક મૂર્તિ અમોને પણ આપો, એટલે અમો ધરગામમાં લઇ જઇશું અને ત્યાં મંદિર કરાવી તેમાં પધરાવી દર્શનનું સુખ માણીશું. આ મૂર્તિઓની તો આપે જ સ્થાપના કરી હતી, એટલે અમારા માટે તો તે મહાપ્રસાદીની ગણાય, એટલે કૃપા કરી અમોને આપો."



## શ્રીજી મહારાજે પ્રસાદીની મૂર્તિઓ આપી

(ચોપાઈ)

**"પ્રભુએ પછી પરમ પ્રતાપી, મૂર્તિ એકેકી બેયને આપી;**
**નારાયણની તો બુરાનપુરમાં, આપી સ્થાપવા હરખીને ઉરમાં.**
**નરની સ્થાપવા ધરગામે, આપી સ્નેહથી સુંદર શ્યામે;**
**કહ્યું લક્ષ્મીનારાયણ નામ, રાખજો એહનું બેય ઠામ.**
**જોડ્યે લક્ષ્મીની મૂરતિ બે આપી, પધરાવવા પરમ પ્રતાપી;**
**નારાયણમાં સદા હું રહીશ, સુખ સૌ હરિજનને દઇશ."**

**- હ. મૃત ક. ૯ વિ. - ૫**

હે ભક્તો ! વરતાલમાં પ્રથમ પધરાવેલ શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ તો મહાપ્રસાદીની ગણાય, કારણ કે શ્રીજી મહારાજે સ્વયં પધરાવી હતી અને અનેકવાર તેમની આરતી પણ ઉતારી હતી. અર્થાત્ શ્રીહરિજીએ આપેલ–સ્થાપેલ–આરતી ઉતારેલ અને સેવા–પૂજા કરેલ એ મૂર્તિઓ તો દિવ્ય ગણાય. ધન્યભાગ્ય એ ભક્તોના ગણાય કે સ્વયં પ્રભુએ પોતાના સ્વહસ્તે મૂર્તિઓ પૂજવા આપી હોય!

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામના હરિભક્તો ખૂબ ભાગ્યશાળી હતા, એટલે તો સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે પ્રસાદીની મૂર્તિઓ આપી. બુરાનપુરના ભક્તોને શ્રી નારાયણ ભગવાનની મૂર્તિ આપીને કહ્યું : "ભક્તો ! નારાયણની મૂર્તિ સાથે અમો શ્રી લક્ષ્મીજીની મૂર્તિ પણ આપીએ છીએ, માટે મંદિર કરી જયારે પધરાવો ત્યારે 'શ્રી લક્ષ્મીનારાયણદેવ' નામ રાખજો."

હે ભક્તો ! ત્યારબાદ ધરગામના ગોવિંદભાઇને 'નર'ની મૂર્તિ આપીને શ્રીજી મહાપ્રભુ બોલ્યા : "આ નરપ્રભુની મૂર્તિ સાથે અમો તમને લક્ષ્મીજીની મૂર્તિ પણ આપીએ છીએ, માટે તમો પણ મંદિર કરીને નર સાથે લક્ષ્મીજી પધરાવી 'શ્રી લક્ષ્મીનારાયણ' નામ રાખજો. તેમાં હું વાસ કરીને સૌ સત્સંગીઓને સર્વે પ્રકારે સુખી કરીશ."

## મંદિરો તૈયાર થઇ ગયા



હે ભક્તો ! મહાપ્રસાદીની મૂર્તિઓ લઇને બુરાનપુરના ભક્તો અને ધરગામના ભક્તો પોતપોતાનાં ગામ ગયા અને મંદિર માટે જમીન સંપાદન કરી મંદિરો બનાવવાનાં શરૂ કરી દીધાં

હે ભક્તો ! આષાઢી સંવત ૧૮૮૬ ની સાલમાં બન્ને ગામોમાં મંદિરો તૈયાર થઇ ગયાં. તેથી હરિભક્તોનાં હૈયાં આનંદથી છલકાવાં લાગ્યાં. પછી બન્ને ગામના ભક્તોએ "પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ"નું મુહૂર્ત પણ જોવડાવ્યું અને સૌ સાથે મળીને વરતાલમાં કાર્તિક સમૈયો કરવા આવ્યા.

હે ભક્તો ! તે સમયે ગઢપુરથી સ્વામિનારાયણ ભગવાન પણ વરતાલમાં કાર્તિકી સમૈયો કરવા પધાર્યા હતા; કારણ કે, મહારાજે સારાય સત્સંગ-સમાજને જાહેરમાં કહી દીધું હતું કે, "દર વરસે કાર્તિકી સમૈયો અને ચૈત્રી સમૈયો વરતાલમાં જ કરીશું, માટે વિના આમંત્રણે સત્સંગી દરેક સ્ત્રી-પુરુષોએ આ બન્ને સમૈયામાં અવશ્ય આવવું, એવી અમારી આજ્ઞા છે."

હે ભક્તો ! વરતાલમાં તે સમયના કાર્તિકી સમૈયામાં સ્વામિનારાયણ સંપ્રદાયના હજારો નરનારીઓ આવ્યાં હતાં.

હરિભક્તોને અરસ-પરસ મહિમા ખૂબ હોવાથી એકબીજાઓને જોઇને જય સ્વામિનારાયણ કહીને પ્રણામ કરી ભેટી પડતા હતા. તે પ્રસંગનું વર્ણન કરતા વિહારીલાલ મહારાજ કવિવર દલપતરામ પાસે લખાવતા જણાવે છે કે :--

(પુષ્પિતાગ્રા)

**"હરિજન જનમાંહિ હેત કેવું, પય જળ કેરું જણાય હેત જેવું;**
**જળ જળ પય હેઠ જૈ જળે છે, પય ઉભરાય ઉતાપ ઓલવે છે.**
**હરિજન અવતાર જ્યાં ધરે છે, સ્થિતિ કરિ જે સ્થળમાંહિ તે ઠરે છે;**
**અવની અધિક ધન્ય તે ગણાય, કુળપણ તેહ પવિત્ર બેય થાય.**
**સુરવર પણ વંદવા પધારે, ચરણ તણી રજ લૈ સ્વશીશ ધારે;**
**હરિજન મહિમા અપાર એવો, કહી ન શકાય જથાર્થ હોય જેવો."**

**- હ. મૃત કળશ : ૭, વિશ્રામ : ૫૮-૫૩**

(અર્થ)

"તે સમયે હરિભક્તોને પરસ્પર હેત, દૂધ અને પાણી જેવું હતું. દૂધ અને પાણીને પરસ્પર મિત્રતા હોય છે. જ્યારે દૂધને ગરમ કરવા માટે ચૂલા ઉપર મૂકે છે, ત્યારે પ્રથમ દૂધમાં રહેલ પાણીનો ભાગ બળવા લાગે છે, ત્યારે પાણીને બચાવવા માટે દૂધ ઉભરાઇને અગ્નિને બુઝાવવા માટે તેની ઉપર પડે છે. - તેમ હરિભક્તોને દુ:ખો આવતાં તો બીજા હરિભક્તો તેઓનાં દુ:ખોનો પોતે સ્વીકાર કરીને હરિભક્તોનાં દુ:ખોને દૂર કરતા હતા.

## પ્રાણ-પ્રતિષ્ઠા કરવા પ્રભુને આમંત્રણ



હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૭૨માં જયારે ધર્મપુરમાં કુશળકુંવરબાઇના આમંત્રણને માન આપીને ત્યાં પધાર્યા ત્યારે મહારાજે કહ્યું હતું કે, "હરિભક્તોનો જયાં જન્મ થાય છે તેમજ હરિભક્તો જે જે, સ્થાનોમાં રહે છે અને જે જે જગ્યાઓમાં તેઓ ફર્યા હોય છે, તે તમામ ભૂમિ તીર્થરૂપ બની જાય છે અને તે ભક્ત સ્ત્રી હોય તો તેના સસરાના કુળને તથા પિતાના કુળને પવિત્ર કરી દે છે. દેવોનો રાજા ઇન્દ્ર પણ હરિભક્તોનો મહિમા સમજી દંડવત કરવા આવે છે અને ભક્તોની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે. હરિભક્તોનો મહિમા જેવો છે, તેવો યથાર્થ કહી શકાય તેમ નથી."

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામના હરિભક્તોએ વરતાલમાં આવીને ઉપરોક્ત મહિમા નજરો-નજર નીહાળ્યો, તેથી તેઓ ખૂબ રાજી થયા અને તેઓ પણ ગુજરાતી ભક્તોનો મહિમા સમજી પ્રેમથી સૌને જય સ્વામિનારાયણ કહીને પ્રણામ કરવા લાગ્યા.

હે ભક્તો ! સમૈયામાં અતિ વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, કારણ કે, એ સમયે અર્થાત્ આષાઢી સંવત ૧૮૮૬ની સાલમાં તો સ્વામિનારાયણ સંપ્રદાયની સંખ્યા

હજારોમાં નહિ, પણ પૂરાં પાંચ લાખે પહોંચી ગઇ હતી ! ત્યારની વસ્તીની ટકાવારીની ગણતરીએ આ આંકડો બહુ જ મોટો ગણી શકાય.

હે ભક્તો ! તે મહાસભાના વિશાળ મંચ ઉપર એક મોટા સિંહાસન ઉપર પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન થઇને સૌ કોઇ નરનારીઓને પોતાનાં દર્શન આપીને સદ્‌બોધનું શ્રવણ કરાવી રહ્યા હતા. ત્યાં જઇને નિમાડ પ્રદેશના સત્સંગીઓ દૂરથી દંડવત કરીને સભામાં જ બેસી જઇ મહારાજનાં મુખનાં વચનામૃતનું પાન કરવા લાગ્યા.

હે ભક્તો ! સાત દિવસનો સમૈયો પૂરો થયો ત્યારે બુરાનપુર અને ધરગામના સત્સંગીઓ શ્રીજી મહારાજ પાસે જઇને દંડવત-પ્રણામ કરીને કહેવા લાગ્યા : "હે મહારાજ ! આપશ્રીની આજ્ઞાનુસાર અમો શ્રી નરનારાયણદેવની મૂર્તિ સંવત ૧૮૮૧ માં લઇ ગયા હતા અને આપની આજ્ઞાથી મંદિરો કરી રહ્યા હતા, તે મંદિરો તૈયાર થઇ ગયાં છે, માટે હે પ્રભુ ! આપ સંતમંડળ સાથે નિમાડ પ્રદેશમાં પધારી બન્ને મંદિરોમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરો, એવી બન્ને ગામના સત્સંગ સમાજ વતી આપને વિનંતી કરીએ છીએ."



## પ્રાણ-પ્રતિષ્ઠા કરવા સંતોને મોકલ્યા

(ચોપાઈ)

"બેય ઠેકાણે તો રૂડી વિધિ, સ્થાપવાની તૈયારી છે કીધી;
પધારો આપ બુરાનપુરમાં, અમે આનંદ પામીએ ઉરમાં;
શુભ મુહૂરત છે જોવરાવ્યું, માગશર શુદી ષષ્ઠિનું આવ્યું;
કરીને ત્યાં પ્રતિષ્ઠાનું કામ, ધરગામ પધારજો શ્યામ.
અમે તેડવા આવીયા તમને, કરશો ન નિરાશ તે અમને;"

- હ. મૃત ક.-૯ વિ.-૫



(અર્થ)

"હે મહારાજ ! અમો પ્રાણ–પ્રતિષ્ઠાની સંપૂર્ણ તૈયારી કરીને જ આપને તેડવા આવ્યા છીએ. આપનાં પાવન પગલાંથી નિમાડ પ્રદેશની પૃથ્વીને પાવન કરો અને નિમાડી સત્સંગીઓને આપનાં દર્શન આપી કૃતાર્થ કરો.

હે પ્રભુજી ! પ્રથમ આપ બુરાનપુર પધારો અને ત્યાં પ્રતિષ્ઠા કરીને પછી ધરગામ પધારી પ્રતિષ્ઠા કરો; કારણ કે અમોએ તો પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ જોવડાવી રાખ્યું છે. બન્ને મંદિરોનું એક જ સાથે માગશર સુદ છઠ્ઠનું મુહૂર્ત આવ્યું છે; માટે આપ જલદી પધારી પ્રતિષ્ઠા કરો. પ્રભુ ! અમોને નિરાશ ન કરશો, અમારી વિનંતી માન્ય રાખો."

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામ આ બન્ને ગામના આગેવાન ભક્તોની વાત સાંભળી શ્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા અને કહેવા લાગ્યા : "ભક્તો ! આપ સર્વોએ અમારી આજ્ઞાનુસાર મંદિરો તૈયાર કરી દીધાં છે, એવું સાંભળી અમો ખૂબ જ રાજી થયા છીએ. અમારી ઇચ્છા પણ ત્યાં આવીને બન્ને ગામોમાં પ્રાણ–પ્રતિષ્ઠા કરવાની છે, પરંતુ મારા શરીરમાં અત્યારે મંદવાડ છે, તેના કારણે આટલી બધી લાંબી મુસાફરી અમે કરી શકીએ તેમ નથી.----

હે ભક્તો ! એટલા માટે અમો અમારા જેવા ગુણવાળા સંતોને મોકલશું. અમો ત્યાં આવીએ અને જેવું સુખ તમોને મળે, એવું જ સુખ તમો સર્વે સત્સંગીઓને મળશે, એવા અમો આશીર્વાદ આપીએ છીએ. આપણા આગેવાન સંતોમાં જે જે સંતોની ગણના થાય છે, તે માહિલા સંતોને અમો ત્યાં પ્રતિષ્ઠા કરવા મોકલશું. એ સંતોનાં નામ છે પરમ ચૈતન્યાનંદ સ્વામી અને સ્વયંપ્રકાશાનંદ સ્વામી. આ બન્ને સંતો બહું સમર્થ છે, માટે તેઓ આવશે."

**(ચોપાઇ)**

**"પછી સંતને કહે સુખકંદ, સુણો પરમ ચૈતન્યાનંદ;**
**તમે બુરાનપુર સીધાવો, લક્ષ્મીનારાયણ પધરાવો.**
**સુણો સ્વયં પ્રકાશાનંદ, તમે પણ મુનિગણના છો ચંદ;**
**માટે જાઓ તમે ધરગામ, કરો જૈને પ્રતિષ્ઠાનું કામ."**

**- હ. મૃત. ક. - ૯ વિ. - ૫**

## ધરગામમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુએ ત્યારબાદ પરમ ચૈતન્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું :"સ્વામી ! તમો તમારા મંડળના સંતોને લઇને બુરાનપુર જાઓ અને પ્રતિષ્ઠા-ઉત્સવ ખૂબ ધામધૂમથી કરાવજો તેમજ વેદોક્ત વિધિથી યજ્ઞ કરાવી "શ્રી લક્ષ્મીનારાયણ" દેવની પ્રાણ-પ્રતિષ્ઠાની આરતી પણ તમો અમારી આજ્ઞાથી ઉતારજો. આ પ્રમાણે તેઓને કહીને બુરાનપુરના હરિભક્તો સાથે પ્રતિષ્ઠા કરવા મોકલ્યા."

હે ભક્તો ! ત્યાર પછી શ્રીહરિજી મહારાજે ભાઇસ્વયંપ્રકાશાનંદ સ્વામીને બોલાવીને આજ્ઞા કરતા કહ્યું : "સ્વામી ! તમારે પણ તમારું સંતમંડળ લઇને આ હરિભક્તો સાથે 'ધરગામ' જવાનું છે અને ત્યાં પણ 'શ્રી લક્ષ્મીનારાયણ' દેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરીને મોટો યજ્ઞ કરીને વેદોક્ત વિધિથી લક્ષ્મીનારાયણદેવનું પૂજન કરી મારી આજ્ઞાથી પ્રાણ પ્રતિષ્ઠાની આરતી પણ તમારે જ ઉતારવાની છે." આ રીતે ભાઇ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને કહીને સત્સંગીઓ સાથે "પ્રતિષ્ઠા-ઉત્સવ" કરવા ધરગામ મોકલ્યા.

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા થતાં જ બન્ને સદ્ગુરૂ સંતો પોતપોતાનું મંડળ લઇને હરિભક્તો સાથે નિમાડ પ્રદેશમાં જવા માટે વરતાલથી નીકળ્યા, થોડા દિવસો બાદ શ્રી પરમ ચૈતન્યાનંદ સ્વામી બુરાનપુર પહોંચી ગયા ને ત્યાં જઇ ઉત્સવની તૈયારી કરવા લાગ્યા અને ભાઇ સ્વયંપ્રકાશાનંદ સ્વામી પણ થોડા દિવસો બાદ ધરગામ પહોંચી ગયા ને તેઓ પણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારી કરવા લાગ્યા.

હે ભક્તો ! તારીખ ૨-૧૨-૧૮૨૯ આષાઢી સંવત ૧૮૮૬ ના માગશર સુદ છઠ્ઠનું પ્રાણ-પ્રતિષ્ઠાનું મુહૂર્ત બન્ને મંદિરોમાં એક સાથે જ આવ્યું હોવાથી બુરાનપુરમાં પરમ ચૈતન્યાનંદ સ્વામીએ વેદોક્ત-વિધિથી પ્રતિષ્ઠા કરાવી આરતી ઉતારી અને ધરગામમાં પણ ભાઇ સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ વેદોક્ત વિધિ કરાવી લક્ષ્મીનારાયણદેવની આરતી ઉતારી પ્રતિષ્ઠા-મહોત્સવની પૂર્ણાહુતિ કરાવી.

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામમાં સંતોએ પ્રતિષ્ઠા કરી, ત્યારબાદ અમુક વર્ષો પછી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ નિમાડ પ્રદેશમાં ગયા ત્યારે બુરાનપુર અને ધરગામ પધાર્યા હતા અને બન્ને મંદિરોમાં દેવોની આરતી ઉતારી હતી.



હે ભક્તો ! જયારે ધરગામમાં "પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ" ઉજવાયો ત્યારે નિમાડ પ્રદેશનાં અનેક ગામડાંઓમાંથી સેંકડો હરિભક્તો ત્યાં આવ્યા હતા. ઉત્સવ નિમિત્તે ત્યાંના આગેવાન ભક્તોમાં પટેલ ગોવિંદભાઇ વગેરે ભક્તોએ સરસ આયોજન કર્યું હતું. પ્રતિષ્ઠા થયા પછી ધરગામના દરેક નર-નારી ભક્તોએ દરરોજ લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કર્યાં પછી જ ખાવાં-પીવાનાં નિયમો લીધાં હતાં.

## ધરગામની મૂર્તિની વિશેષતા

હે ભક્તો ! ધરગામમાં જે નર ભગવાનની મૂર્તિ શ્રીજી મહારાજે પૂજવા આપી હતી એ પ્રસાદીની મૂર્તિની એ વિશેષતા છે કે, "તે મૂર્તિની સ્વયં શ્રીજી મહારાજે અનેકવાર સેવા-પૂજા કરેલ છે. પ્રથમ વરતાલમાં નરનારાયણદેવ પધરાવ્યા હતા. ત્યારબાદ જયારે-જયારે શ્રીજી મહારાજ વરતાલ પધારતા હતા, ત્યારે ત્યારે તેઓ નરનારાયણદેવની જાતે સેવા કરતા, પૂજન કરતા અને આરતી કરતા હતા, તેથી તે મૂર્તિ વિશેષ પ્રસાદીની કહવાય.

હે ભક્તો ! આ સિવાય ધરગામ મંદિરમાં નિત્ય દર્શન આપી રહેલા નર ભગવાન (એટલે કે વર્તમાન સમયના લક્ષ્મીનારાયણદેવ)ની મૂર્તિની છાતીમાં એક ચરણારવિંદ છે. જેને ભૃગુ ચિહ્ન કહેવાય છે.

હે ભક્તો ! પુરાણોની કથા મૂજબ દેવોમાં અને ઋષિઓમાં પરસ્પર સંવાદ થયેલો કે, 'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રિદેવોમાં મહાન કોણ ? એમાં શાંકરમતવાળા મહાદેવને મોટા કહેવા લાગ્યા અને વૈષ્ણવમતના ભગવાન વિષ્ણુને મોટા કહેવા લાગ્યા. આ ચર્ચાએ બન્ને પક્ષોમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું, તેના કારણે તટસ્થ દેવો ને ઋષિઓએ ભૃગુઋષિને ત્રણેય દેવોની પરીક્ષા લેવા માટે મોકલ્યા.

હે ભક્તો ! પરીક્ષા માટે ભૃગુ મુનિ પ્રથમ સત્યલોકમાં બ્રહ્માજી પાસે ગયા અને અપશબ્દો બોલી બ્રહ્માજીનું અપમાન

કરવા લાગ્યા. તે સાંભળીને બ્રહ્માજીને ક્રોધ ચડ્યો, તેથી શાપ આપવા તૈયાર થયા. તુરંત ભૃગુઋષિ ત્યાંથી જતા રહ્યા અને કૈલાસધામમાં આવી મહાદેવને પ્રણામ કર્યા વિના ઉભા રહી એલફેલ બોલવા લાગ્યા ! આવું સાંભળી મહાદેવને પણ ગુસ્સો આવ્યો અને તેઓ ત્રિશુળ લઇ ભૃગુઋષિને મારવા તૈયાર થયા.

હે ભક્તો ! આવું દ્રશ્ય જોઇને ભૃગુમુનિ તરત જ ત્યાંથી પલાયન કરી ગયા અને વૈકુંઠલોકમાં ગયા. તે સમયે ભગવાન આરામ કરી રહ્યા હતા અને લક્ષ્મીજી ચરણ સેવા કરી રહ્યા હતા. ત્યાં જતાવેંત ભૃગુ મુનિએ જોરથી પગની લાત ભગવાનની છાતીમાં મારી !! તુરંત ભગવાન નિદ્રામાંથી જાગી ગયા અને જાણે કે પોતાની જ ભૂલ હોય એ રીતે ભૃગુ ઋષિને પ્રણામ કરી માફી માગીને કહેવા લાગ્યા : "મુનિશ્રેષ્ઠ ! તમે મારે ત્યાં પધાર્યા એનો મને ખ્યાલ ન હતો. એને કારણે હું સૂઇ ગયો, તે માટે મને માફ કરજો. મારી વજ જેવી છાતીમાં તમે પગની લાત મારી, તેથી તમારા પગને વાગ્યું હશે, એટલે મને માફ કરજો."

હે ભક્તો ! પછી તો ભૃગુએ સૌથી મહાન ભગવાન વિષ્ણુને જાહેર કર્યા. પરંતુ તેમણે એક પગનો પ્રહાર ભગવાનની છાતીમાં કરેલો, તે પગનાં ચિહ્નને ભગવાને કાયમ માટે જ પોતાની છાતીમાં ધારણ કર્યું છે, એ પગલાનું ચિહ્ન ધરગામના નર પ્રભુની મૂર્તિમાં છે.

## ધરગામમાં નૂતન મંદિરની તૈયારી

હે ભક્તો ! બુરાનપુરમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા શ્રીજી મહારાજની આજ્ઞાથી પરમ ચૈતન્યાનંદ સ્વામીએ કરી અને ધરગામમાં પણ લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા શ્રીજી મહારાજની આજ્ઞાની ભાઇસ્વયંપ્રકાશાનંદ સ્વામીએ આ.સંવત ૧૮૮૬ માગશર સુદ છઠ્ઠ તા. ૨–૧૨–૧૮૨૯ ના દિવસે કરી.

હે ભક્તો ! ધરગામમાં નરપ્રભુની લક્ષ્મીનારાયણદેવ તરીકે પ્રતિષ્ઠા થયા બાદ નિમાડ પ્રદેશનાં અનેક ગામડાંઓમાંથી જે જે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ હતા, તેઓ હરિજયંતી, એકાદશી અને દરેક મહિનાની પૂનમે દર્શન કરવા આવવા લાગ્યા. તેના કારણે ધરગામ નિવાસી લક્ષ્મીનારાયણદેવ દરેક સ્ત્રી–પુરુષોની ઇચ્છાઓ પણ પૂરી કરવા લાગ્યા.


હે ભક્તો ! ધરગામના ગોવિંદભાઇ પાટીદાર અને એમના પરિવારે મંદિરની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી તેમજ તેઓ તનથી–મનથી અને ધનથી સેવા કરવા લાગ્યા. પછી તો દરેક વર્ષે વરતાલથી સંતો નામ–ધર્માદો લેવા અને કથા–વાર્તા કરવા ધરગામમાં આવવા લાગ્યા અને સત્સંગનું પોષણ કરવા લાગ્યા.

હે ભક્તો ! ધરગામના મંદિરનો વહીવટ ગોવિંદભાઇ પાટીદારે જીવ્યા ત્યાં સુધી કર્યો. તેમના અવસાન બાદ એમના દીકરા નારાયણજીભાઇએ કર્યો. અને એમના ધામગમન પછી એમના પુત્ર પૂનમચંદભાઇ પણ મંદિરની સેવા–પૂજા કરતા અને

વહીવટ કરતા હતા. અને હાલમાં તેમના દીકરા બાલારામજીભાઇ સેવા-પૂજા કરે છે.

હે ભક્તો ! હાલમાં વરતાલ સંસ્થા તરફથી વરતાલના યુવાન સંત સ્વામી દેવપ્રકાશદાસજી ગુરૂ શાસ્ત્રી કૃષ્ણકેશવદાસજી સ્વામી ધરગામમાં રહી પોતાના શિષ્ય પાર્ષદ અંકિત ભગત સાથે નૂતન મંદિર અને નવા સંત નિવાસનું નિર્માણ કરી રહ્યાં છે.

હે ભક્તો ! વરતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન પૂજય દેવપ્રકાશસ્વામી, વરતાલ મંદિરના કોઠારી સ.ગુ.શા. શ્રી ઘનશ્યામપ્રકાશ સ્વામી (આ પુસ્તકના લેખક સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના ગુરુશ્રી) તેમજ મેતપુરવાળા સદ્‌ગુરૂ ગોવિંદ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ધરગામમાં નવા મંદિરનું કાર્ય દેવપ્રકાશ સ્વામી અને અંકિત ભગત સંભાળી રહ્યા છે.



## બન્ને સંતોને મહારાજે બિરદાવ્યા

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી થયા બાદ નિમાડ પ્રદેશના સત્સંગીઓનો સંઘ ચૈત્રી સમૈયામાં વરતાલધામમાં આવ્યો. તે સંઘમાં બુરાનપુરના અને ધરગામના સત્સંગીઓ પણ આવ્યા હતા. સૌએ આવીને હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણદેવ તેમજ ધર્મ–ભક્તિ–વાસુદેવનાં દર્શન કર્યાં.

હે ભક્તો ! સંવત ૧૮૮૬ નો ચૈત્રી સમૈયો હજારો હરિભક્તો આવ્યા હોવા છતાં સૂમસામ લાગતો હતો, કારણ કે સૌના પ્રાણ–આધાર પ્રભુ શ્રીહરિજી મહારાજનાં દર્શન કોઇને થતાં ન હતાં. કેમ કે મહારાજ બીમાર હોવાથી આ સમૈયામાં ગઢપુરથી આવ્યા ન હતા.

હે ભક્તો ! બુરાનપુર અને ધરગામના ભક્તોને પ્રગટ પ્રભુનાં દર્શન વરતાલમાં ન થયા, તેથી તેમનો સંઘ વરતાલથી ચાલતા–ચાલતા ગઢપુર ગયો અને પ્રેમથી–મહિમાથી દંડવત – પ્રણામ કરી મહાપ્રભુનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજે આ બન્ને ગામના હરિભક્તોને પોતાની પાસે બોલાવી મંદિર બાબત અને પ્રતિષ્ઠા બાબત સર્વે સમાચાર પૂછ્યા.

હે ભક્તો ! ત્યારે બુરાનપુરના અને ધરગામના ભક્તોએ કહ્યું : "હે મહારાજ ! બન્ને સંતોએ ખૂબ ભાવથી અને મહિમાથી "પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ"નું સુંદર આયોજન કર્યું હતું. સારો ઉત્સવ કરીને નિમાડી ભક્તોને રાજી કર્યા છે અને કથા–વાર્તા કરી આપનાં ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું."

હે ભક્તો ! નિમાડી હરિભક્તોની વાત સાંભળી શ્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા અને પરમ ચૈતન્યાનંદ સ્વામી તેમજ ભાઇ સ્વયંપ્રકાશાનંદ સ્વામી બન્ને સંતોની પ્રશંસા કરતા કહેવા લાગ્યા :

(ચોપાઈ)

"સુણી બોલીયા શ્રી જગવંદ, જે છે પરમ ચૈતન્યાનંદ;
મુનિ છે તે અગસ્ત સમાન, ભક્તિમાન મહા ગુણવાન.
સ્વયંપ્રકાશાનંદજી જે છે, તુલ્ય જાણો વશિષ્ઠને તે છે;
એવા જ્યાં મારું સ્થાપન કરે, મારું ત્યાં તો અચળ તેજ ઠરે.
માટે મૂર્તિનાં દર્શન કરજો, મારું ધ્યાન એ મૂર્તિમાં ધરજો;
ધર્મ પાળજો ધીરજ ધારી, યાદ રાખજો આજ્ઞા અમારી.
અંતે પામશો અક્ષરધામ, મુજ પાસે જ કરશો વિરામ;
હવે સુખથી સિધાવો સ્વદેશ, દિલે દિલગીર થાશો ન લેશ."

- હરિલીલામૃત કળશ : ૯ વિ. - ૫



પરમ ચૈતન્યાનંદ સ્વામી



ભાઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામી

## ધરગામના ભક્ત-ગોવિંદભાઇ

હે ભક્તો ! ધરગામના મંદિરમાં સૌથી વધુ તન–મન અને ધનનું યોગદાન હતું ગોવિંદભાઇ પાટીદારનું. તેઓ સારા સત્સંગી હતા. શ્રીજી મહારાજની આજ્ઞા–ઉપાસના દ્રઢપણે પાળતા હતા. ધરગામ સત્સંગ–સમાજમાં તેઓ આગેવાન ભકત હતા. ધર્મ–જ્ઞાન–વૈરાગ્યે સહિત ભક્તિનું તેઓ યથાર્થપણે પાલન કરતા હતા. નિયમ–નિશ્ચય અને પક્ષ પણ શિર સાટે રાખતા હતા.

હે ભક્તો ! ગોવિંદભાઇ પાટીદાર હરહંમેશ ઉત્સવ–સમૈયામાં વરતાલ અને ગઢપુર વગેરે ધામોમાં સંઘ લઇને આવતા હતા અને સેવા કરીને સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવતા હતા. સ્વયંપ્રકાશાનંદ સ્વામી ધરગામથી પ્રતિષ્ઠા કરીને વરતાલ આવતા રહ્યા. ત્યારે મંદિરની સંપૂર્ણ જવાબદારી ગોવિંદભાઇને સોંપીને આવ્યા હતા. મંદિરનો વહીવટ મમત્વ રાખીને કરતા હોવાથી શ્રીજી મહારાજ, સંતો અને સત્સંગીઓ તેમના ઉપર ખૂબ રાજી હતા.

હે ભક્તો ! જયારે જયારે ગોવિંદભાઇ ઉત્સવ–સમૈયામાં આવતા, ત્યારે ત્યારે તેઓ સ્વામિનારાયણ ભગવાનની પૂજા અવશ્યપણે કરતા હતા. તેમનો શુદ્ધભાવ જોઇને મહારાજ તેમના ઉપર ખુબ રાજી થતા હતા.

**(ચોપાઈ)**

**"નિમાડી જે ગોવિંદભાઇ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઇ રે;**
**વસ્ત્ર ઘરેણાં બહું કરાવ્યાં કે, લાવી પ્રભુજીને પહેરાવ્યા રે."**

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ વરતાલમાં હતા. તે સમય હતો, હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ઉત્સવનો. તે સમયે હજારો હરિભક્તોની સભામાં મહારાજ બિરાજમાન હતા, ત્યારે ગોવિંદભાઇએ એક કીંમતી ફેંટો શ્રીજી પ્રભુને ઓઢાડ્યો હતો અને એક ફેંટો મસ્તક પર બાંધ્યો હતો. પછી કેસર ચંદનની અર્ચા કરી. પ્રભુનાં ચરણોમાં ચંદન લગાવી, પોતાની છાતીમાં ચરણારવિંદ લીધા હતાં.

હે ભક્તો ! ત્યારબાદ સુવર્ણનાં આભૂષણો પહેરાવી અનેક પ્રકારનાં પુષ્પના હાર પહેરાવી કીંમતી ભેટો અર્પણ કરી રાજીપો મેળવ્યો હતો. ત્યારે શ્રીજી મહારાજે તેમને પૂછ્યું હતું : "ગોવિંદભાઇ ! ધરગામથી આ કીંમતી વસ્ત્રો (દુપટ્ટાઓ) તમે કેવી રીતે લાવ્યા હતા ?" ત્યારે ગોવિંદભાઇએ કહ્યું : " મહારાજ ! મોટાં તુંબડામાં આ કીંમતી વસ્ત્રો મૂકીને ઉપર સાદું કપડું બાંધી દઇને ખંભા પર લટકાવીને લાવ્યો હતો, એટલે ચોર-લુંટારાને એવું લાગે કે, આ તુંબડામાં તો પાણી ભરેલ હશે. ?"

હે ભક્તો ! એવું સાંભળી શ્રીજી મહારાજે હજારો હરિભક્તોની સભામાં ગોવિંદભાઇની ખૂબ પ્રશંસા કરી અને પોતે પહેરેલ હાર કાઢીને ગોવિંદભાઇને પહેરાવી ઊભા થઇને ભેટી પડ્યા અને જમતી વખતે પણ ગોવિંદભાઇને બોલાવી પ્રસાદીનો થાળ પણ જમવા માટે આપી સર્વે નિમાડ પ્રદેશના ભક્તોના સત્સંગ સંબંધી પ્રશ્નો પણ પૂછ્યા હતા.

## શ્રીજી મહારાજે મૂર્તિઓ લીધી

હે ભક્તો ! અખંડ ઉપાસના શરૂ રહે અને ભવિષ્યના મુમુક્ષુઓ માટે મોક્ષનો માર્ગ ચાલુ રહે એવો સંકલ્પ એકવાર સ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં કર્યો અને સભામાં વાત કરી કે, "આપણે ઉપાસનાનો માર્ગ શરુ રાખવા માટે મંદિરો કરવાં છે અને તેમાં પધરાવવા માટે મૂર્તિઓ લેવી છે."

હે ભક્તો ! આ પ્રમાણે શ્રીહરિજી વાત કરી રહ્યા હતા, તે સમયે જ મુક્તાનંદ સ્વામી વડોદરાથી ગઢપુર આવ્યા અને મહારાજને પ્રણામ કરીને કહેવા લાગ્યા : " મહારાજ! અમો વડોદરાથી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લઇને ગઢપુર આવતા હતા, પણ રસ્તામાં વરસાદ વરસવા લાગ્યો અને બોચાસણ પહોંચ્યા ત્યાંતો બળદ ગાડું પણ ચાલતા અટકી ગયું, એટલે લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ અમે બોચાસણ ગામમાં મૂકીને આવ્યાં છીએ."

હે ભક્તો ! મહામુક્ત મુક્તમુનિની વાત સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : "સ્વામી ! લક્ષ્મીનારાયણદેવને ચરોતરમાં રહેવાની ઇચ્છા છે, તેથી અમો તેમને વરતાલધામમાં પધરાવશું. તે સમયે હસનભાઇ લાઠી ગામમાં મૂર્તિઓ જોઇને આવ્યા. તેમણે શ્રીજી મહારાજને મૂર્તિઓ બાબત વાત કરી. ત્યારે મહારાજે કહ્યું : "હસનભાઇ ! તે મૂર્તિઓ ગઢપુરમાં લઇને આવો."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને સ્વામિનારાયણ મહાપ્રભુ બીજા દિવસે વરતાલ જતા રહ્યા. ત્યારબાદ લાઠીગામના શિલ્પી ત્રણ બળદ ગાડામાં છવ્વીસ મૂર્તિઓ લઇને ગઢપુર આવ્યા. તેથી વરતાલમાં શ્રીહરિજીને તે સમાચાર મોકલ્યા. એટલે શ્રીજી પ્રભુએ આનંદાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે ગઢપુર જાઓ અને મૂર્તિઓની ખરીદી કરો."

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ આનંદાનંદ સ્વામી તુરંત વરતાલથી ગઢપુર આવ્યા અને ૨૬ મૂર્તિઓ જોઇ, તેમાંથી આઠ મુર્તિઓ લેવાનું નક્કી કર્યું. ત્યારે સલાટે કહ્યું : "લેવી હોય તો બધી મૂર્તિઓ લ્યો, પણ આઠ નહિ; મારે એક સાથે બધી જ મૂર્તિઓ વેચવી છે." ત્યારે આનંદાનંદ સ્વામીએ બધી મૂર્તિઓ લેવાની ના કહી; તેથી તે સલાટ ગાડીઓ જોડીને ચાલવા લાગ્યા અને ઉગામડી ગામ પહોંચ્યા.

હે ભક્તો ! તે સમયે શ્રીજી મહારાજ વરતાલથી ગઢપુર પાછા આવતા હતા. તેઓ ઉગામેડી આવ્યા. ત્યાં મૂર્તિઓ જોઇ એટલે ગાડાંવાળા સલાટને મૂર્તિઓ લઇને ગઢપુર પાછા આવવાનું કહ્યું ; પણ તેઓ આવ્યા નહિ.

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢપુર આવીને સર્વે વાત કરી એટલે હસનભાઇ કળા કરીને વેપારીની રીત અજમાવી સલાટને ગઢપુર લઇ આવ્યા. પછી તે છવ્વીસ મૂર્તિઓ વાસુદેવ નારાયણના ઓરડામાં મુકાવી શ્રીજી મહારાજ મૂર્તિઓ જોવા ત્યાં પધાર્યા.

હે ભક્તો ! શ્રીજી પ્રભુએ બધી જ મૂર્તિઓ ઉપર હાથ ફેરવીને પ્રસાદીની કરીને એક એક મૂર્તિ જોઇને અંતે બોલ્યા: "શિલ્પકાર ! આમાંથી અમો બાવીશ મૂર્તિઓ રાખીશું. પણ ચાર મુર્તિઓ નહિ રાખીએ; કારણ કે અમારા સંપ્રદાયના નિયમો મુજબ આ ત્રણ વાઘેશ્વરી માતાની મૂર્તિ છે અને એક કાળભૈરવની મૂર્તિ છે, તે અમો અમારાં મંદિરોમાં પધરાવી ન શકીએ, માટે તે નહિ લઇએ."

હે ભક્તો ! પછી બાવીશ મૂર્તિઓ ચારસો ચાલીશ રૂપિયામાં લીધી! (અત્યારના સમય પ્રમાણે તે મફતમાં મળી ગણાય, પરંતુ બસો વર્ષ પહેલાંના ૪૪૦ રૂપિયા ઘણા કહેવાય.) પછી તે મૂર્તિઓ ભવિષ્યમાં ગઢડા, ભૂજ, સુરત, ધોલેરા અને ધોળકા વગેરે સ્થાનોમાં પધરાવી હતી.



## શ્રીજી મહારાજે ચિત્ર પ્રતિમાઓ કરાવી

હે ભક્તો ! ત્યાર પછી તો સ્વામિનારાયણ ભગવાને બીજો વિચાર કર્યો કે, " ચિત્ર પ્રતિમાઓ પણ કરાવું, તેથી દરેક મુમુક્ષુઓ દર્શન અને પૂજન કરી શકે." આ પ્રમાણે વિચાર કરીને જૂનાગઢથી નારાયણજીભાઇ સુતારને બોલાવીને શ્રીહરિજીએ તેમને કહ્યું : "તમો રાધાજીની, શ્રીકૃષ્ણની અને અમારી ચિત્રપ્રતીમાઓની મુદ્રા (બ્લોક) કરો.''

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ નારાયણજીભાઇએ રાધાજી, શ્રીકૃષ્ણ અને શ્રીહરિજી આ ત્રણેયની ભેગી એક છાપ બનાવી. ભક્તિમાતા, ધરમદેવ અને શ્રીહરિજી આ ત્રણેયની ભેગી બીજી છાપ બનાવી અને નરનારાયણદેવની ત્રીજી છાપ બનાવી.

હે ભક્તો ! ત્યારબાદ શ્રીહરિજીએ તે ત્રણ મૂર્તિઓની છાપો દ્વારા આધારાનંદ સ્વામી પાસે હજારો મૂર્તિઓ કાગળ ઉપર છપાવી સત્સંગીઓને નિત્ય-પૂજામાં પૂજન કરવા માટે આપી હતી. તેનો મહિમા નિષ્કુળાનંદ સ્વામી લખતા જણાવે છે કે :-

**(ચોપાઈ)**

**''કરી પૂજા ઉતારશે આરતી રે, કરશે ધૂન્ય ને વળી વિનંતી રે;**
**તેહ મૂર્તિમાં અમે રહી રે, સર્વે પૂજાને માનશું સહી રે.**
**લેશુ પૂજા એની કરી પ્રીત રે, પછી દેશું સુખ રૂડી રીત રે;**
**નિર્મળ અંતરવાળા જે જન રે, તેની પૂજા લેતા હું પ્રસન્ન રે."**

**- પુરુષોત્તમ પ્રકાશ. પ્ર. - ૪૫**

## પ્રસાદીની કાળભૈરવની મૂર્તિ બોલી !


પ્રસાદીના કાલભૈરવ (પાલીતાણા)

હે ભક્તો ! આપણે પાછળના પ્રસંગમાં જોયું હતું કે, શ્રીજી મહારાજે ૨૬ મૂર્તિમાંથી ૨૨ મૂર્તિઓ લીધી અને ચાર મૂર્તિઓ પાછી આપી. એમાં ત્રણ વાઘેશ્વરી માતાની હતી અને એક કાળભૈરવની હતી. આ ચાર મૂર્તિઓ પાછી આપી હતી, પરંતુ એ મૂર્તિની ઉપર અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ એવા સ્વામિનારાયણ ભગવાનનાં પાવન હાથનો સ્પર્શ થઇ ગયો હતો. તેથી તે ચારેય મૂર્તિઓ પણ પ્રસાદીની થઇ ગઇ હતી.

હે ભક્તો ! લાઠી ગામનો મૂર્તિવાળો સલાટ તે ચાર મૂર્તિઓ લઇને ભાવનગરની બાજુમાં આવેલ પાલીતાણા શહેરમાં આવ્યો અને ત્યાં મૂર્તિઓ વેચવા મૂકી. ત્યારે કાળભૈરવના ભક્તોએ તે પ્રસાદીની મૂર્તિ લઇ લીધી અને મંદિર બનાવી તેમાં પધરાવી પૂજન કરવા લાગ્યા.

હે ભક્તો ! કાળભૈરવ છે તે તમોગુણી દેવતા કહેવાય છે, તેથી તેમના ભક્તો તેમની મૂર્તિ આગળ દારૂ-માંસનું નૈવેદ્ય ધરાવતા હોય છે. હાલમાં ઉજ્જૈન શહેરમાં તો કાળભૈરવની મૂર્તિને દરરોજ આખો દિવસ દારૂ પાવામાં આવે છે અને તે મૂર્તિ પીવે પણ છે, આ એક આશ્ચર્ય કહેવાય છે!!

હે ભક્તો ! આ લોકોના રીતરિવાજ મુજબ પાલીતાણામાં કાળભૈરવની પ્રાણ–પ્રતિષ્ઠા કરીને તે મૂર્તિની આગળ દારૂ–માંસનો ભોગ ધરવામાં આવ્યો! ત્યાં તો તે મૂર્તિમાંથી અવાજ આવ્યો : " ખબરદાર ! મારી આગળ ક્યારેય પણ દારૂ–માંસનો ભોગ ધરાવશો નહિ; કારણ કે હું સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત બની ગયો છું ! મારી મૂર્તિ ઉપર સ્વયં સ્વામિનારાયણ મહાપ્રભુએ હાથ ફેરવી પ્રસાદીની કરી દીધી છે, માટે મને હંમેશા સાત્વિક અન્નનો જ થાળ કરી જમાડજો."

હે ભક્તો ! ત્યારબાદ કાળભૈરવની મૂર્તિ બોલી : "સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ ગોપીનાથજી મહારાજ છે, માટે મને તેના પ્રસાદીના વાઘા વરસમાં એકવાર અવશ્ય પહેરાવવા."

હે ભક્તો ! બસો વર્ષથી તે કાળભૈરવનું મંદિર પાલીતાણામાં છે અને હાલમાં પણ તે મૂર્તિને વર્ષમાં એકવાર ગોપીનાથજી મહારાજના પ્રસાદીના વાઘા ધરાવવામાં આવે છે અને ક્યારેય પણ દારૂ–માંસ ધરાવવામાં આવતા નથી.

હે ભક્તો ! શ્રીજી મહારાજે કેવળ એકવાર હાથ ફેરવ્યો ત્યાંતો કાળભૈરવ સાત્વિક બની ગયો, તો પછી ધરગામમાં આપેલ પ્રસાદીની મૂર્તિને તો મહારાજે વરતાલ આવતા ત્યારે માથે હાથ મૂકેલ છે, જાતે વાઘા ધરાવેલ છે, પૂજા કરેલ છે, આરતી ઉતારેલ છે, થાળ પણ ધરેલ છે; તો પછી તે મૂર્તિમાં કેટલું બધું દૈવત હશે ? માટે એકવાર ધરગામ તેમનાં દર્શન કરવા અવશ્ય જવું.

## સંતો દ્વારા નિમાડ પ્રદેશમાં સત્સંગ

હે ભક્તો ! મધ્ય પ્રદેશ રાજયના અમુક ભાગને નિમાડ પ્રદેશ કહેવામાં આવે છે. તેમાં બસો વર્ષ પહેલાં સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રસાર-પ્રચાર થયો હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી એ સમયના મહાન સંતો, કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, અદ્ભૂતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શામિળયા ચૈતન્યાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, ભાઇસ્વયંપ્રકાશાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, સ્વરુપાનંદ સ્વામી, નિર્વિકારાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, ભાવાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી, અનંતાનંદ સ્વામી, નરોનારાયણાનંદ સ્વામી અને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય બાલ મુકુંદદાસજી સ્વામી વગેરે સંતોએ નિમાડ પ્રદેશમાં સત્સંગ કરાવેલ છે.

હે ભક્તો ! નિમાડ પ્રદેશમાં ઉપરના પેરેગ્રાફમાં લખેલાં નામોમાં જે જે સંતોએ જે જે ગામડાઓમાં સત્સંગ કરાવેલો એ ગામોનાં નામ આપ વાચકોની જાણ માટે લખી રહ્યો છું :-

હે ભક્તો ! મુખ્ય નામ છે ધરગામ, ચોલી મહેશ્વર, ઝાંખરોદ, કુક્ષી, વાલીપુર, સુંદરેલ, ખલગાંવ, મોટી ખલ, મોરંગઢી, વિખુડા, ધામના, જલેગામ, માનપુર, કૌડી, ઠણગાંવ, આસેર અને મંડલેશ્વર વગેરેનો સમાવેશ થાય છે.

હે ભક્તો ! ધરગામમાં મુખ્ય ભક્તોમાં ગોવિંદભાઇ પાટીદાર, કાલુભાઇ, લીમ્બુભાઇ અને રતનબાઇ વગેરે હતા. તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ હતાં. તેથી ગુજરાતમાં જયારે–જયારે સ્વામિનારાયણ ભગવાન મોટા મોટા ઉત્સવ–સમૈયા કરાવતા, ત્યારે–ત્યારે તેઓ સેંકડો કિલોમીટરનો પ્રવાસ કરીને પણ સમૈયામાં આવતાં હતાં. આવા મહિમાવાળા અને શ્રદ્ધાવાળા હરિભક્તો માટે ભક્તચિંતામણિ ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે, ––

(પૂર્વછાયો)

"નકી ભક્ત નિમાડના, જેનાં અતિ આકરાં અંગ;
કરડાં કઠણ વચન, જેનો શીશ સાટે સત્સંગ.
બીજાં બહુ દુભાખરા, જેનો એ જ બોલવા ઢાળ;
પછી કરે વારતા, જયારે પહેલી આપે ગાળ.
સમજાવ્યા સમજે નહિ, અતિ જડમતિ અડબંગ;
એવા દેશમાં અવતારી, જેણે કર્યો સાચો સત્સંગ.
એવા જન પાવનનાં, કહો કેમ ન લખીએ નામ;"

- પ્રકરણ - ૧૨૬

હે ભક્તો ! આ પ્રમાણે કહીને નિષ્કુળાનંદ સ્વામીએ નિમાડ પ્રદેશનાં ગામડાઓમાં રહેલાં સ્ત્રી–પુરુષ સર્વે સત્સંગીઓનાં નામ આ પ્રકરણમાં લખ્યાં છે.

## મંદિરોનો મહિમા

હે ભક્તો ! વર્તમાન સમયમાં વરતાલ મંદિરના સાથ–સહકારથી સંપ્રદાયમાં અનેક નાનાં–મોટાં મંદિરોનાં નિર્માણ થઇ રહ્યાં છે. કારણ કે શુદ્ધ સાકાર ઉપાસના રાખવા અને પ્રવર્તાવવા માટે મંદિરો અને મૂર્તિઓની અનિવાર્યતા છે.

હે ભક્તો ! આ પરંપરાની રીત મુજબ ધરગામમાં પ્રસાદીના નર ભગવાનનું (નવું નામ લક્ષ્મીનારાયણદેવ)નું મંદિર જીર્ણ થઇ ગયું હોવાથી ત્યાં નવું મંદિર કરવાની આવશ્યકતા પડી હોવાથી પ.પૂ.આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશિર્વાદથી વરતાલ ટેમ્પલ બોર્ડે નવું મંદિર કરવા માટે યુવાન સંત સ્વામી દેવપ્રકાશદાસજી (ગુરૂ સદ્ગુરૂ શાસ્ત્રી કૃષ્ણકેશવદાસજી સ્વામી)ની કોઠારી તરીકે નિમણૂંક કરી છે. હાલમાં સ્વામી દેવપ્રકાશદાસજી અને તેમના પાર્ષદ અંકિત ભગત ધરગામ રહીને નૂતન મંદિર, નવું યાત્રિક ભૂવન અને નૂતન સંતનિવાસનું નિર્માણ કરી રહ્યા છે.

હે ભક્તો ! મંદિરો બનાવવાથી અને મંદિરો બનતા હોય તેમાં તન, મન અને ધનથી સેવા કરવાથી સ્વામિનારાયણ ભગવાનનો અપાર રાજીપો મળે છે; કારણ કે મંદિર એ ભગવાનનું ઘર છે. આપણે નવું મકાન બનાવતા હોઇએ અને એમાં કોઇ તનથી કે ધનથી મદદ કરે તો આપણે એના ઉપર ખૂબ રાજી થઇએ છીએ – બસ એ જ પ્રમાણે ભગવાનનું મંદિર થતું હોય

ત્યાં આપણે તનથી કે ધનથી સહયોગ આપીએ એટલે એ ઘરમાં રહેનાર માલિક સ્વામિનારાયણ ભગવાન પણ આપણી ઉપર ખુબ જ રાજી થાય છે, માટે ધરગામમાં નવું મંદિર નિર્માણ થઇ રહ્યું હોવાથી તેમાં પણ આર્થિક સહયોગ આપીને પુણ્ય પ્રાપ્ત કરી ભગવાનનો રાજીપો મેળવી લઇએ.

હે ભક્તો ! અનેક શાસ્રો અને પુરાણોમાં ભગવાનનાં મંદિરો બંધાવવાનો અપાર મહિમા લખ્યો છે; કારણ કે મંદિરમાં, તન, મન અને ધનથી સેવા કરનારા ભક્તોનું પુણ્ય જ્યાં સુધી મંદિર રહે ત્યાં સુધી ચાલુ જ રહે છે.

હે ભક્તો ! ધનવાન લોકો નિવૃત્તિ લઇને ભજન-ભક્તિ કરી શકે નહિ, તેથી તેઓ પોતાની સંપત્તિ મંદિરોમાં વાપરી મંદિરો બંધાવી આપે; પછી તે મંદિરમાં આવી ભજન-ભક્તિ કરતા ભક્તો મંદિર બંધાવી આપનાર દાતા ઉપર રાજી થાય, તેના કારણે ભગવાન પણ રાજી થાય અને અને તેનાં ફળસ્વરૂપે પોતાનું ધામ આપે છે. આપણે ભગવાનને મંદિરમાં પધરાવીશું તો એ પણ એના ઘરમાં (અક્ષરધામમાં) આપણને રહેવા દેશે; માટે અવશ્યપણે મંદિરોમાં તન અને ધનથી સેવા કરવી જોઇએ.

## મંદિર ખુલ્લું રહે ને હું ઘરમાં રહું ?

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં અમુક સત્સંગીઓ મંદિરોના મમત્વવાળા એવા થયા છે કે, એમના પ્રસંગો સાંભળીને આપણને આશ્ચર્ય થાય કે, "શું આવા હરિભક્તો પણ આપણા સંપ્રદાયમાં થઇ ગયા છે ? જેમના જીવનમાંથી આપણને કે સહુ કોઇ સત્સંગીને પ્રેરણા મળે એવા એક ભક્તનો પ્રસંગ આપ સર્વેની આગળ પ્રસ્તુત કરી રહ્યો છું."

હે ભક્તો ! સોરઠ પ્રદેશમાં જૂનાગઢની આજુબાજુમાં મોલી નામનું નાનકડું ગામ આવેલ છે. તે ગામના નાની એવી જ્ઞાતિમાં બહુ મોટા ભક્ત થઇ ગયા છે. કોળી જ્ઞાતિમાં વીરાભાઇ સાંખડ એક આદર્શ હરિભક્ત હતા. તેઓ આર્થિક દ્રષ્ટિએ તો ગરીબ હતા, પણ દિલના અમીર હતા. શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન તેઓ શિર સાટે પાળતા હતા. સોરઠ પંથકમાં તેઓ મહાન ભક્ત તરીકે ઓળખાતા હતા. લોકો તેમનું જીવન જોઇને સત્સંગી થતા હતા !

હે ભક્તો ! સ્વયં સ્વામિનારાયણ ભગવાન પણ વીરા ભગતને અનેક વખત દિવ્યરૂપે આવીને દર્શન આપતા હતા. એટલું જ નહિ, પરંતુ સોરઠના કોઇ હરિભક્તને તેડીને મહારાજ ધામમાં જતા હોય, ત્યારે પણ વીરા ભગતને દર્શન દઇને કહેતા : "ભગત ! પેલા ગામમાંથી અમો આ હરિભક્તને તેડીને અક્ષરધામમાં લઇ જઇએ છીએ."

હે ભક્તો ! શ્રીહરિજીના આવા કૃપાપાત્ર વીરા ભગત એક વખત 'બ્રાહ્મણના સમઢીયાળા' નામના ગામમાં ગયા. તે સમયે ત્યાં વૃજાનંદ સ્વામી મંદિર કરાવતા હતા. પરંતુ મંદિર ઉપર ગોઠવણી કરવા માટે નળિયા ન મળવાથી સ્વામી થોડી ચિંતામાં હોય એવું લાગતા, વીરા ભક્તે ચિંતાનું કારણ પૂછતા વૃજાનંદ સ્વામી કહેવા લાગ્યા : "ભગત ચોમાસાની ઋતુ આવી છે. તેથી નળિયાં જોઇએ છીએ. કારણ કે નળિયા વિના અત્યાર સુધીમાં ચણેલ મંદિર વરસાદ થતાં જ પલળી જશે. માટે તમારા ખ્યાલમાં ક્યાંય નળિયાં હોય તો કહેજો."

હે ભક્તો ! વૃજાનંદ સ્વામીની વાત સાંભળી તરત જ વીરાભક્ત બોલ્યા : સ્વામી ! અત્યારે જ મારી સાથે બળદ-ગાડાં મોકલો. નળિયાં મારા ઘેર જ છે. પછી વૃજાનંદ સ્વામીએ ગાડાં મોકલ્યાં, તેથી વીરા ભક્ત તેને લઇ મોલી ગામ આવ્યા. ઘેર આવીને ફળિયામાં ઊભા રહીને કહેવા લાગ્યા : "ભક્તો! ચડી જાઓ મારા મકાન ઉપર અને ઉતારવા માંડો નળિયાં !

હે ભક્તો ! વીરા ભગતની આવી વાણી સાંભળીને ગાડાંવાળા ખેડૂતો તો આભા જ બની ગયા અને કહેવા લાગ્યા : "ભગત ! અમો તમારા ઘર ઉપરથી નળિયાં ઉતારી ન શકીએ. અમારે વૃજાનંદ સ્વામીની રજા લેવી પડે". આવું સાંભળીને વીરા ભક્ત જાતે મકાન ઉપર ચડ્યા અને નળિયાં ઉતારીને ગાડામાં ગોઠવવા લાગ્યા. ત્યારે ગાડાંવાળા રોકવા લાગ્યા. તેથી વીરા ભક્ત બોલ્યા : " ભક્તો ! મારા ભગવાનનું મંદિર ખુલ્લું રહે

અને હું ઘરમાં નળિયાં નીચે રહું તો હું હરિભક્ત શેનો? હું તો ઘર ઉપર ઘાસ નાખીને રહીશ."

હે ભક્તો ! પછી તો ઘરનાં બધાં જ નળિયાં ગાડાંઓમાં ભરી દીધાં અને ગાડાંઓ સમઢીયાળા લઇ જવામાં આવ્યા. ત્યાં જઇને હરિભક્તોએ વૃજાનંદ સ્વામીને સર્વે વાત કરી, તેથી સ્વામી પણ ખૂબ રાજી થયા અને વીરા ભક્તને સર્વે પ્રકારે સુખી રાખવા શ્રીજી મહારાજને સ્વામીએ પ્રાર્થના કરી.

હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં કે આપણા ગામમાં મંદિર બનતું હોય ત્યારે આપણને આવા વિચારો આવે છે ખરા ? ઘણાનાં ઘરમાં તો કરોડ રૂપિયા પડ્યા હોય તોય લોભિયા લોકો એક લાખ રૂપિયા પણ મંદિર માટે આપતા હોતા નથી. અને સંપ્રદાયમાં એવા ઉદાર દિલ સત્સંગીઓ પણ છે કે, ઘરનો વ્યવહાર માંડ માંડ ચાલતો હોય તોપણ મંદિર થતું હોય તેમાં દાન દેતાં હોય !



## મહિમાવાળા કેવા ભક્તો ?

હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં મંદિરો બનાવવાં માટે કેટલાક ભક્તો પોતાની નોકરી છોડીને મંદિરની સેવામાં જોડાઇ ગયા હતા. કેટલાક ભક્તોએ પોતાની મરણમૂડી આપી દીધી હતી. કેટલાક ભક્તો પોતાના મકાન ઉપર લોન લઇને મંદિરને મદદ કરતા હતા અને કેટલાક ભક્તો તો ઉછીના પૈસા લઇને મંદિરોનાં બાંધકામમાં દાન કરી દેતા હતા !

હે ભક્તો ! ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર થતું હતું, ત્યારે ખોપાળા ગામનાં સત્સંગી જેઠાભાઇ માણિયાએ શ્રીજી મહારાજને કહ્યું : "મહારાજ ! જ્યાં સુધી ગોપીનાથજીનું મંદિર તૈયાર ન થાય ત્યાં સુધી હું અને મારું ગાડું તેમજ મારા બળદો આ ત્રણેય કૃષ્ણાર્પણ કરું છું. હે પ્રભુ ! ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા થાય, પછી જ હું મારા બળદ-ગાડાને લઇને ઘેર જઇશ, ત્યાં સુધી ગઢડામાં રહીને સેવા કરીશ." આવું સાંભળી શ્રીજી મહારાજ તેમના ઉપર અતિશય રાજી થયા હતા.

હે ભક્તો ! લોયાધામની નજીક ઝમરાળા નામનું ગામ આવેલ છે. તે ગામમાં સ્વામિનારાયણ ભગવાન ઘણીવાર આવેલા છે. તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં ગંગારામ દવે સારા સત્સંગી મહારાજના સમકાલીન સમયમાં થયા છે.

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ વરતાલથી કાઠિયાવાડમાં વિચરણ કરતા કરતા ઝમરાળા પધાર્યા અને ગંગારામ દવેને ત્યાં ઉતારો કર્યો. એક દિવસ રોકાઇને શ્રીજી પ્રભુ ચાલવા તૈયાર થયા ત્યારે ગંગારામ ભક્ત કહેવા લાગ્યા : "મહારાજ ! માણકીને મારા ગાડા પાછળ બાંધી દો અને આપ મારા બળદ-ગાડામાં બીરાજો. હું આપને ગઢડા મુકવા આવું."

હે ભક્તો ! ભક્તનો ભાવ જોઇ ભગવાને હા કહી. એટલે ગંગારામ દવેએ પોતાના રૂષ્ટ-પુષ્ટ બે બળદોને ગાડીએ જોડ્યા અને મહારાજને બેસવા માટે ગાડામાં ગાદલાં પાથરી તે ઉપર રજાઇ પાથરીને પ્રભુને વિનંતી કરી, તેથી શ્રીજી મહારાજ ગાડામાં બેઠા અને માણકીની ચરક-દોરી ગાડાની પાછળ બાંધી દીધી.

હે ભક્તો ! પછી ગંગારામ ભક્ત બળદોને ઉતાવળા ચલાવવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું : " ગંગારામજી ! તમારા બળદો તો બહુ સારા છે. ગોપીનાથજીનું મંદિર થાય છે, એમાં આવાં બળદ-ગાડાંની જરૂર છે, માટે આવા બળદો ક્યાંક હોય તો અમને કહેજો. અમારે જોઇએ છીએ."

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુની આવી વાત સાંભળીને તુરંત ગંગારામ દવે બોલ્યા : " મહારાજ ! આવા બળદોને શા માટે બીજે ગોતવાના ? આજથી આ બળદો, ગાડું અને હું ત્રણેય ગોપીનાથજી મહારાજને સમર્પણ. મંદિર પુરું ન થાય ત્યાં સુધી હું ગઢપુરમાં જ રહીને બળદ-ગાડું હાંકીને તેમાં માલ-સામાન ભરીને સેવા કર્યા કરીશ."

હે ભક્તો ! ગંગારામ ભક્તનું આવું કહેવું સાંભળી શ્રીજી મહારાજ બહું જ રાજી થયા અને ચાલુ ગાડીમાં જ ગંગારામ દવેનો વાંસો થપથપાવી શાબાશી દેતા બોલ્યા : "વાહ બામણીયા વાહ ! તું બળદ-ગાડું આપી ચૂક્યો અને હું લઇ ચૂક્યો."

હે ભક્તો ! આપણી પાસે બળદ-ગાડું, ટ્રેકટર કે કોઇ વાહન હોય અને મંદિર માટે જરૂર હોય તો આપણે પ્રેમથી આપી શકીએ, એવી આપણી તૈયારી ખરી કે નહિ ? મનોમંથન કરી જોજો, અંતરાત્મા ક્યારેય ખોટું નહિ બોલે!

## ઘરેણાં વેચીને મંદિર પુરું કર્યું !

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં એકએકથી ચડીયાતા સત્સંગીઓ થઇ ગયા છે કે, તેઓનું અર્પણ અને સમર્પણ જોઇને આપણને આશ્ચર્ય થયા વિના રહે જ નહિ. આપણને વિચારતા કરી મૂકે એવા સમર્પણો હરિભક્તોએ કરેલાં છે. તેમાંથી પ્રસંગને અનુરૂપ એક ભક્તનો પ્રસંગ સંભળાવું છું.

હે ભક્તો ! કાઠિયાવાડમાં શેત્રુંજી નદીના કાંઠે આંબા નામનું રળિયામણું ગામ આવેલ છે. તે ગામમાં ભગો–મૂળો, રૂડા પટેલ અને દેવશી ભક્ત જેવા અનેક એકાંતિક ભક્તો થયેલા છે.

હે ભક્તો ! આમ તો દેવશી ભક્તનું મૂળ ગામ પીઠવાજાળ હતું, પરંતુ સત્સંગની મર્યાદા ખાતર ફાગ (અપશબ્દો) ન બોલવાનું કહીને ગામધણીનો કોપ વહોરી ગામ છોડી દઇને કાયમી વાસ આંબા ગામમાં જ કર્યો હતો.


હે ભક્તો ! દેવશી ભક્ત જ્ઞાતિએ લુહાર હતા. તેઓ વ્યવહારે બહુ સુખી ન હતા. પરંતુ આંબા ગામમાં મંદિર ન હોવાથી દરેક સત્સંગીઓએ ફાળો કરી મંદિર બનાવવાની શરૂઆત કરી દીધી. મંદિરનું બાંધકામ અડધું થયું ત્યાંતો ભેળી કરેલી રકમ ખૂટી ગઇ, તેથી મંદિરનું કામ અટકી ગયું.

હે ભક્તો ! આંબા ગામમાં કોઇ ધનવાન સત્સંગી હતા નહિ, તેથી મંદિરનું કામ અટક્યું હતું. દેવશી ભગત પાસે રૂપિયા હતા, પણ તેના દીકરાના આવતા વર્ષે લગ્ન થવાના હોવાથી તે પૈસાના દીકરાની વહુ માટે આભૂષણો લઇ લીધાં હતાં. તેથી તેઓની પાસે પણ પૈસા ખૂટી ગયા હતા.

હે ભક્તો ! દેવશી ભક્તે મનોમન વિચાર કર્યો : " મારા દીકરાનાં લગ્ન મહત્વના ગણાય કે મારા ઇષ્ટદેવનું મંદિર ? લગ્ન તો બે વર્ષ પછીય પણ થઇ શકશે, પણ મંદિર વિના ભક્તોને ભજન-ભક્તિ કરવાની મુશ્કેલી પડે છે એ ક્યારે પૂરી થશે ? સત્સંગી તરીકે મારી પ્રથમ ફરજ છે કે, મંદિર પુરું કરવું જોઇએ."

હે ભક્તો ! આવું વિચારીને પોતાના ઘરનાં તમામ ઘરેણાં દેવશી ભકતે વેચી નાખ્યા !! અને તેનાં જે પૈસા આવ્યા તે તમામ મંદિરનાં બાંધકામમાં વાપરીને મંદિર પૂર્ણ કરી મંદિરની પ્રતિષ્ઠા કરી, સૌ મંદિરમાં ભજન-ભક્તિ કરવા લાગ્યા.

હે ભક્તો ! આપણાથી દેવશી ભક્ત જેવું થઇ શકે ખરૂં? આપણા ગામમાં મંદિર અધુરું હોય અને આપણાં ઘરમાં રહેલા દાગીના વેચીને મંદિરમાં દાન દેવાની હિંમત હાલે ખરી ? અંતરાત્માને પૂછી જોજો, એ જૂઠું નહિ બોલે."



## કોઇનો ભાર ન રાખે મુરારી

હે ભક્તો ! દેવશી ભગતે ઘરેણાં વેચીને મંદિર પુરું તો કર્યું, પરંતુ થોડા મહિના બાદ દીકરાના સસરાને ત્યાંથી એક બ્રાહ્મણ દીકરાનાં લગ્નની પત્રિકા લઇને આવ્યા ! તે જોઇને પરિવારના લોકો તો મુંઝાઇ ગયા, પરંતુ દેવશી ભગતે મનોમન સ્વામિનારાયણ ભગવાનને યાદ કરીને લગ્નને વધાવી લીધા !

હે ભક્તો ! આ વાતની ખબર આંબા ગામમાં પડી એટલે કુસંગી લોકો પરસ્પર મશ્કરીમાં કહેવા લાગ્યા : "દેવશી ભગતે તો દાનેશ્વરીના દીકરા થઇને એના છોકરાની ઘરવાળીનાં ઘરેણાં વેચી એના સ્વામિનારાયણનું મંદિર કર્યું છે અને હવે છોકરાનાં લગ્ન કરવા તૈયાર થયો છે, તે પૈસા ક્યાંથી કાઢશે ? અને ઓલી અમરેલીવાળીને શું પહેરાવશે ?"

હે ભક્તો ! દેવશી ભક્ત તો ઘરના લોકોને આશ્વાસન આપીને કહેવા લાગ્યા : "કોઇ ચિંતા કરશો નહિ. ભગવાને નરસિંહ મહેતાના દીકરા શામળશાનાં લગ્ન કરાવી દીધાં હતાં – તેમ સ્વામિનારાયણ ભગવાન પણ આપણા દીકરાનાં લગ્ન કરાવી દેશે, મને મહારાજમાં પૂરો વિશ્વાસ છે, માટે ભજન કર્યા કરો, લોકોના બોલવા સામે જોશો નહિ. કુસંગીઓને જેમ બોલવું હોય તેમ ભલે બોલે."

હે ભક્તો ! મંદિર માટે, લગ્ન થનાર દીકરાની પત્નીનાં આભૂષણો દેવશી ભક્તે વેચી નાખ્યાં, તેના કારણે પ્રગટ પ્રભુ શ્રીહરિજીએ અતિ રાજી થઇને રાત્રીના સમયે દિવ્ય સ્વરૂપે દર્શન

દઇને કહ્યું : "દેવશી ભગત ! તમોએ મારા મંદિર માટે ઘરેણાં વેચી નાખ્યાં છે, તેથી અમો તમારા ઉપર અતિ રાજી થયા છીએ; તમો નિઃસંકોચપણે જાન લઇને અમરેલી શહેરમાં જજો. લગ્નના મંડપમાં અમો જાતે આવીને વેવાઇને આપવાના રૂપિયા અને કન્યાને પહેરાવવાનાં અલંકારો આપી જઇશું !

હે ભક્તો ! આટલું કહીને શ્રીહરિજી અંતર્ધાન થઇ ગયા. પછી દેવશી ભક્તે કુટુંબીજનોને સર્વે વાત કરી, તેથી સૌ રાજી રાજી થઇ ગયા અને મોટી જાન લઇ દીકરાને પરણાવવા દેવશી ભક્ત અમરેલી ગયા.

હે ભક્તો ! લગ્નમંડપમાં જ્યાં હસ્તમેળાપનો સમય થયો, ત્યારે તેમના વેવાઇએ પ્રથમ જ નક્કી કરેલાં આભૂષણો અને રોકડા રૂપિયા માગ્યા. તે સમયે જ સહજાનંદ મહાપ્રભુ વણિકના વેષે આવીને ઘરેણાં તથા રૂપિયા આપી અદ્રશ્ય થઇ ગયા ! આવું જોઇ સૌ કોઇ દેવશી ભક્તની નિષ્ઠાને ધન્યવાદ આપવા લાગ્યા.

હે ભક્તો ! આ પ્રસંગ જોઇને મને ગીતાજીમાં કહેલાં ભગવાનનાં વચનો યાદ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં કહે છે કે :–

**"અનન્યાશ્રિન્તયન્તો માં, યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં, યોગક્ષેમં વહામ્યહમ્ ॥''**

**- અધ્યાય : ૯/૨૨**

"જે જનો મારા દિવ્ય સ્વરૂપનું ચિંતવન કરતાં થકા મને અનન્ય ભક્તિભાવે ભજે છે, તેમને ખૂટતું આપવાનો અને તેમની પાસે જે હોય તે સાચવવાનો ભાર હું ઉઠાવું છું."

## અક્ષરધામમાં રહેવા મહેલ મળ્યો

હે ભક્તો ! નિષ્કામ ભક્તો ઉપર સ્વામિનારાયણ ભગવાન પ્રસન્ન થઇને પોતાનું અક્ષરધામ તેમને આપે છે – એ જ રીતે સકામ ભક્તોની પણ તેઓ ઇચ્છા પૂર્ણ કરે છે. તે વિષેનો એક પ્રસંગ આપની સમક્ષ રજૂ કરું છું.

હે ભક્તો ! ભાવનગર જીલ્લામાં નાવડા નામનું ગામ આવેલ છે. તે ગામમાં ઘણા સત્સંગીઓ રહેતા હતા. તેમાં એક વણિક જ્ઞાતિના પણ સત્સંગી હતા અને તેમનું નામ હીરાભાઇ શેઠ હતું. તેઓ ધનવાન હતા અને ભક્ત પણ હતા.

હે ભક્તો ! હીરા શેઠે એકવાર સંતો દ્વારા સાંભળ્યું કે, "આપણે જો અહીંયા ભગવાન માટે મંદિર બનાવી દઇએ તો અક્ષરધામમાં ભગવાન આપણને રહેવા માટે મહેલ આપે.

હે ભક્તો ! આવું સાંભળીને હીરા શેઠ ઘેર ગયા અને પરિવારનાં દરેક નરનારીઓને ભેગાં કરીને કહેવા લાગ્યા : "કથામાં એમ આવ્યું હતું કે, આપણે ભગવાન માટે મંદિર કરી દઇએ તો ભગવાન આપણને અક્ષરધામમાં કાયમ માટે રહેવા મહેલ આપે; માટે આપણે સ્વામિનારાયણ ભગવાનનું મંદિર આપણા ગામમાં બનાવી દઇએ, એટલે મૃત્યુબાદ કાયમ માટે રહેવા બંગલો મળે.

હે ભક્તો ! આ પ્રમાણે કહીને હીરા શેઠે નાવડા ગામમાં મંદિર કરવા લાગ્યા. થોડા સમય બાદ નાવડા ગામનાં એક

સત્સંગી બહેનને સમાધિ થઇ અને તેઓ ધામમાં ગયાં. ત્યાં તેમણે સોનાનો એક મહેલ જોયો ! તેથી તેમણે શ્રીહરિજીને પૂછ્યુંઃ "પ્રભુ ! આ સોનાનો બંગલો કોના માટે છે ?" ત્યારે મહારાજે કહ્યું : "તમારા ગામના હીરા શેઠ એવો સંકલ્પ કરીને અમારું મંદિર બનાવી રહ્યા છે કે, 'હું મારા ગામમાં મંદિર કરાવું એટલે મહારાજ મને ધામમાં મહેલ રહેવા માટે આપે.' તેથી તેઓ માટે આ મહેલ તૈયાર થઇ ગયો છે; પણ તમો જઇને તુરંત એને કહેજો કે, તમારી આયુષ્ય હવે ફકત છ મહિનાની જ બાકી છે, માટે મંદિર તૈયાર કરી પ્રતિષ્ઠા કરાવી દે."

હે ભક્તો ! ત્યારબાદ તે પ્રેમબાઇને સમાધિ ઉતરી એટલે તેઓએ જઇને હીરા શેઠને કહ્યું : "તમારા માટે તૈયાર થયેલ સોનાનો બંગલો જોઇને હું આવી છું અને શ્રીજી મહારાજે કહ્યું છે કે, 'તમારી આયુષ્ય છ મહિનાની જ બાકી છે, માટે જલદી પ્રતિષ્ઠા કરાવી ધામમાં આવવા તૈયાર થઇ જાય."

હે ભક્તો ! આવું સાંભળી તુરંત હીરાશેઠે પૂરજોશમાં તૈયારી કરી મંદિરની પ્રતિષ્ઠા કરાવી લીધી અને છ મહિના પૂરા થતાં જ શ્રીજી મહારાજ દિવ્ય વિમાન લઇને પધાર્યા. તેથી હીરા શેઠે સૌને જય સ્વામિનારાયણ કહીને ભૌતિક દેહ છોડી દીધો. પછી મહારાજ તેમને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઇ ગયાં અને શેઠની ઇચ્છા મુજબ સોનાના મહેલમાં રહેવા માટે કાયમી નિવાસ આપ્યો.

## ઉપસંહાર

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરો માટે દાન આપનારા શ્રીજી મહારાજના સમયમાં ઘણા ભક્તો હતા. ત્યાર પછીના સમયમાં પણ ઘણા ભક્તો હતા અને વર્તમાન સમયમાં પણ ઘણા ભક્તો મંદિરો પ્રત્યે મમત્વવાળા હોય છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં ગઢપુરમાં દાદા ખાચરે, વરતાલમાં જોબન પગી, બાપુભાઇ અને નારાયણગીરીએ, જૂનાગઢમાં જીણાભાઇ અને દાદાભાઇએ, ધોલેરામાં પુંજાભાઇ દરબારે, ભુજમાં સુંદરજીભાઇ સુતાર અને ગંગારામ મલ્લ વગેરેએ, અમદાવાદમાં દામોદરભાઇ અને નથુ ભટ વગેરેએ તેમજ ધરગામમાં ગોવિંદભાઇ પાટીદારે આ બધા હરિભક્તોએ મંદિરો બાંધવામાં પોતાનાં તન-મન અને ધનનો ખૂબ મોટો ફાળો આપ્યો છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી રાજકોટના માવજીભાઇ કડિયા કરાંચી કમાવા ગયા હતા અને ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ખૂબ કમાયા હતા. પછી તેઓએ કરાંચી શહેરમાં (હાલ પાકિસ્તાનમાં) પોતાના ખર્ચે શિખરબદ્ધ મંદિર કરાવ્યું હતું. તે હાલમાં પણ છે.

હે ભક્તો ! જૂનાગઢ મંદિરનું કામ શરૂ હતું અને પૈસા ખૂટી ગયા, તેથી ગુણાતીતાનંદ સ્વામીએ પત્ર લખીને જોરા ભગતને સમઢીયાળા મોકલ્યા અને ભોજા ભગતને પત્ર આપવાનું કહ્યું. પત્ર વાંચી એ સમયના પાંચ હજાર રૂપિયા લઇને તુરંત ભોજા ભગત જૂનાગઢ આવ્યા અને સ્વામીને અર્પણ કરી રાજીપો મેળવ્યો.

હે ભક્તો ! ત્યાર પછીના વર્ષોમાં પણ મુંબઇ ભુલેશ્વરનું મંદિર આપણા સત્સંગી શેઠ કરમશી દામજીએ બંધાવી આપ્યું. અને વર્તમાન સમયમાં ખોપાળાનું મંદિર બાબુભાઇ કાઠિયાવાડીએ બંધાવી આપ્યું છે; આવા અનેક દાનવીર ભક્તો દ્વારા સંપ્રદાયમાં અનેક મંદિરો બંધાઇ રહ્યા છે. મેતપુર સત્સંગ સમાજ પણ ઘણાં મંદિરોમાં સેવા કરી રહ્યા છે.

હે ભક્તો ! આ નાનકડું પુસ્તક લખવાનો મુખ્ય હેતુ ધરગામમાં નિર્માણ થઇ રહેલ ત્રણ શિખરવાળું ભવ્ય મંદિરમાં આર્થિક સહયોગ મળે એ માટે લખેલ છે. માટે જે હરિભક્તોને ભગવાને ધનથી સુખી કર્યા છે, તેમણે ધરગામમાં દાન આપી સ્વામિનારાયણ ભગવાન, પૂજ્ય આચાર્ય મહારાજ અને સંતોનો રાજીપો મેળવી લેવો, એ જ અભ્યર્થના સાથે સર્વે સત્સંગીઓને–

"સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ (ગુરૂ શા. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી વરતાલ મુખ્ય કોઠારી)ના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ"

"લેખન સમાપ્ત વિ.સં.૨૦૭૫ પોષ સુદ એકાદશી તા. ૧૭–૧–૨૦૧૯''



નંદ સંતો દ્વારા બંધાવેલ પ્રસાદીનું મંદિર



પ્રસાદીના નરભગવાન - ધરગામ



## નૂતન નિર્માણ થતા ઉતારા




# મંદિર નિર્માણની અનુમાનિત સેવાની વિગત

## મંદિર નિર્માણ અનુદાન વિવરણ

| | |
|---|---|
| મુખ્ય શિખર (૩૨:ફૂટ) ના સેવાર્થે : | રૂા. ૫,૫૧,૦૦૦ |
| ડાબા-જમણા શિખરના (૨૫:ફૂટ) પ્રતિ શિખર સેવા : | રૂા. ૪,૧૧,૦૦૦ |
| ગણપતિજી/હનુમાનજીના શિખર પ્રત્યેક શિખર : | રૂા. ૨,૧૧,૦૦૦ |
| મોટો ઘુમ્મટ (મધ્ય) સેવાર્થે : | રૂા. ૪,૧૧,૦૦૦ |
| ત્રણ નાના ઘુમ્મટ (રૂપચોકી) પ્રત્યેક ઘુમ્મટ સેવા : | રૂા. ૧,૫૧,૦૦૦ |
| મંદિરના કોતરણીવાળા સ્તંભ (૩૬) એક સ્તંભ સેવા : | રૂા. ૫૧,૦૦૦ |
| મંદિરની પરિક્રમા કમાન (૪૧) એક કમાન સેવાર્થે : | રૂા. ૫૧,૦૦૦ |
| મંદિરની બહારની બારીઓ-મોટા ઝરૂખાઓ (ચાર) : | રૂા. ૫૧,૦૦૦ |
| મંદિર પ્રદક્ષિણાની નાની બારીઓ-ઝરૂખા (સંખ્યા:૬): | રૂા. ૨૫,૦૦૦ |

## સાગનાં લાકડાનાં સિંહાસન, દરવાજા, ચોખટાની વિગત

| | |
|---|---|
| મુખ્ય સિંહાસન (સાગી લાકડું) સેવા : | રૂા. ૫,૫૧,૦૦૦ |
| નાના સિંહાસન (જમણીબાજુ) સેવા : | રૂા. ૩,૫૧,૦૦૦ |
| નાના સિંહાસન (સુખ શૈયા) સેવા : | રૂા. ૩,૧૧,૦૦૦ |
| ગણપતિજી સિંહાસન સેવા : | રૂા. ૩,૧૧,૦૦૦ |
| હનુમાનજી સિંહાસન સેવા : | રૂા. ૩,૧૧,૦૦૦ |
| ઠાકોરજીના ચોખટા/બારણાં(સંખ્યા : ૩) સેવા : | રૂા. ૩,૫૧,૦૦૦ |
| ઠાકોરજીના સ્ટીલના દરવાજા (સંખ્યા : ૩) સંખ્યાદીઠ : | રૂા. ૧,૫૧,૦૦૦ |
| મુખ્ય દરવાજા ચોખટા અને બારણાં(સંખ્યા:૩) લાકડામાં અનુપમ કોતરણીવાળા) સેવાર્થે : | રૂા. ૫,૫૧,૦૦૦ |
| ગણપતિજી મંદિરના દરવાજાની સેવા : | રૂા. ૧,૫૧,૦૦૦ |
| હનુમાનજી મંદિરના દરવાજાની સેવા : | રૂા. ૧,૫૧,૦૦૦ |

## સંત નિવાસ નિર્માણ વિગત

| | |
|---|---|
| શ્રી ઠાકોરજી ભોજનાલયની સેવા : | રૂા. ૪,૦૦,૦૦૦ |
| શ્રી સંત ભોજનાલયની સેવા : | રૂા. ૪,૫૧,૦૦૦ |
| શ્રી થાળ - ભેટ ઓફિસની સેવા : | રૂા. ૨,૧૧,૦૦૦ |
| શ્રી ઠાકોરજીના કોઠાર સેવાર્થે : | રૂા. ૧,૫૧,૦૦૦ |
| શ્રી સંત નિવાસ રૂમ મોટાં (ચાર) પ્રત્યેક રૂમ : | રૂા. ૨,૫૧,૦૦૦ |
| શ્રી સંત નિવાસ રૂમ (આઠ) પ્રત્યેક સ્ટોરરૂમ સેવા : | રૂા. ૨,૧૧,૦૦૦ |
| સ્ટોર રૂમ (સંખ્યા: બે) પ્રત્યેક સ્ટોરરૂમ સેવા : | રૂા. ૧,૦૧,૦૦૦ |

## યાત્રિક ભવન નિર્માણ વિવરણ

| | |
|---|---|
| સાર્વજનિક હોલ શ્રદ્ધાળુઓ માટે (સંખ્યા:એક) : | રૂા.૧૧,૦૦,૦૦૦ |
| રૂમો (એટેચ બાથરૂમ સંખ્યા : ૯) પ્રત્યેક રૂમની સેવા : | રૂા. ૨,૧૧,૦૦૦ |